સમગ્ર ગુજરાતના કોઈપણ ખૂણામાં વસતો વાળંદ બંધુ શિક્ષિત, સંસ્કારી, સ્વાશ્રયી, સુખી અને શહેરી બને તે ધ્યેય દૃષ્ટિ સમક્ષ રાખીને કાર્યરત સંગઠન એટલે ગુજરાત વાળંદ સેવા સંઘ

# વાળંદ વિકાસ



દરેક અંગ્રેજી મહિનાની બીજી તારીખે પ્રસિદ્ધ થાય છે

વર્ષ : ૬૮ ● અંક - ૯ ● સપ્ટેમ્બર૨૦૨૪ ● છૂટક પ્રત રૂ. ૧૦/- આદ્યતંત્રી : સ્વ. મોહનલાલ મુળજીભાઈ વાળંદ (મેજીસ્ટ્રેટ)


-: 'સંઘ'ના સંસ્થાપકો :-



સ્વ. મોહનલાલ વાળંદ



સ્વ. રેવાભાઈ નાયી



સ્વ. ગોરધનદાસ દલાલ




-: 'સંઘ'ના ઉધ્ધારકો :-



સ્વ. જ્યોતીન્દ્રભાઈ નાયી



સ્વ. શારદાબેન નાયી



સ્વ. કાંતિભાઈ નાયી

## નવીન બહુમાળી સમાજ ભવન

## સાંસ્કૃતિક અને શૈક્ષણિક ઉત્થાનરૂપી નવિન વિદ્યાર્થીગૃહ ઇમારતનું ભવ્ય નજરાણું

સમાજ સંકલ્પ કરે છે. આ ગૌરવરૂપ પ્રોજેક્ટ આપ સર્વેના સાથ-સહકાર થકી સમાજમાં શૈક્ષણિક ક્રાંતિનું પ્રતિબિંબ બની રહેશે.

બેંક : સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા
બેંક ખાતા નં. ૧૦૦૨૯૮૪૧૨૧
**ગુજરાત વાળંદ સેવા સંઘ અમદાવાદ**
સ્થાપના ૨૦ એપ્રિલ, ૧૯૫૭,
પબ્લિક રજિ. નં. એ-૧૮૨૪

SHREE GUJARAT VALAND S
10787086@cbin
દાન જમા કરાવવા માટે ક્યુઆર કોડ

**નમ્ર અપીલ :** સમાજનો કોઈ જ્ઞાતિબંધુ આ શૈક્ષણિક ભવનમાં યથાયોગ્ય દાન આપ્યા વિના ન રહી જાય તેવી વિનંતી.
**નોંધ :** આ પ્રોજેક્ટ માટે સંસ્થાને આપેલ દાન આવકવેરા ધારાની કલમ 80(G) હેઠળની જોગવાઈ મુજબ કરમુક્તિને પાત્ર છે.

# BIO-DATA



| | | |
|---|---|---|
| Name | : | **Parth Tarunbhai Parekh** |
| Birth Date | : | 08-01-1999 Birth Time : 9.15 am |
| Birth Place | : | Nadiad |
| Height | : | 5' 9" Weight : 68 kg. |
| Native Place | : | Anand |
| Hobbies | : | Travelling |
| Education | : | 12th Pass (Commerce Stream)<br>BCA, MCA<br>Master of Information Technology<br>(Software Design and Development)<br>Central Queensland University,<br>Australia |
| Current Job | : | In Australia |
| Current Address | | In Australia, (USA Visa Holder) |



## Family Details

| | | |
|---|---|---|
| Father | : | Tarunbhai Govindbhai Parekh |
| Occupation | : | Automobile Shop |
| Contact Number | : | 98258 91890 |
| Mother | : | Pinaben Tarunbhai Parekh |
| Occupation | : | Teacher at Anganvadi |
| Brother | : | Jagrut Tarunbhai Parekh |
| Address | : | B/6, Laxmi Tenament<br>Nr. 80 Feet Road, Anand<br>Ta. & Dist. Anand |
| Jath | : | 22/40 |

## Maternal Details

| | | |
|---|---|---|
| Name | : | Nileshbhai Bhogilal Parekh (Mama) |
| Mosal Place | : | Nadiad |

# ગુજરાત વાળંદ સેવા સંઘ

(પબ્લીક ટ્રસ્ટ રજી. નં. ૧૮૨૪)

: પ્રમુખ :

**શ્રી વિપુલભાઈ વી. દલાલ (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૪૫૨૫૨૪૪, વોટ્સેપ નં. +1 (678) 677-0003

: મંત્રી :

**શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય (ટ્રસ્ટી)**
મો. ૭૪૦૫૮૨૮૯૫૫

: ઉપપ્રમુખ :

**શ્રી સંજયભાઈ ચંદુલાલ પારેખ (ટ્રસ્ટી)**
મો. ૯૯૦૯૦૦૧૯૭૦

**શ્રી પંકજભાઈ કે. નાયી (ટ્રસ્ટી)**
મો. ૯૮૭૯૦૯૮૮૮૭

**શ્રી મહેન્દ્રભાઈ રતિલાલ બાવરિયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૬૩૪૨૫૬

**શ્રી વિજયભાઈ ધીરુભાઈ બગથરીયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૦૮૯૦૦૧

: સહમંત્રી :

**શ્રી વિજયભાઈ મણીલાલ લિમ્બાચીયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૩૦૫૩૬૨

**શ્રી પ્રવિણકુમાર શીવરામભાઈ લિમ્બાચીયા (ટ્રસ્ટી)**
મો. ૯૪૨૮૦૦૮૭૫૪

**શ્રી મહેશભાઈ પ્રવીણભાઈ જોટંગીયા (ટ્રસ્ટી)**
મો. ૮૩૪૭૩૮૮૮૮૮

: કોષાધ્યક્ષ :

**શ્રી નરોત્તમભાઈ હેમાભાઈ નાયી (ટ્રસ્ટી)**
મો. ૯૮૯૮૯૫૯૩૦૫

: અન્વેષક :

**શ્રી મૌલિકભાઈ ભરતભાઈ પારેખ (સી.એ.)**
મો. ૯૬૩૮૧૮૦૦૦૭

: શ્રી પુંધરા વાળંદ વિદ્યાર્થી ગૃહ :

**ચેરમેન : શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૭૭૬૯૦૦

**વા.ચેરમેન : શ્રી અલ્પેશભાઈ મધુસુદન લિમ્બાચીયા (ટ્રસ્ટી)**
મો. ૯૮૭૯૧૧૧૨૯૫

**મંત્રી : શ્રી દેવેન્દ્રભાઈ લલિતચંદ્ર કોન્ટ્રાક્ટર (ટ્રસ્ટી)**
મો. ૯૮૭૯૬૯૬૮૬૯

: રેવાબા સાંસ્કૃતિક હૉલ :

**ચેરમેન : શ્રી અરવિંદભાઈ એસ. દમણી (ટ્રસ્ટી)**
મો. ૯૩૭૭૫૬૦૮૪૨

**વાઈસ ચેરમેન : શ્રી મયુરધ્વજ કે. લિમ્બાચિયા (ટ્રસ્ટી)**
મો. ૯૪૨૬૩૬૭૦૭૭

**મંત્રી : શ્રી એસ. બી. પારેખ (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૫૯૭૫૨૩૬

: અન્ય ટ્રસ્ટી મંડળ :

શ્રી સુરેશભાઈ જે. શર્મા (અમદાવાદ)
શ્રી રમેશચંદ્ર પી. લિમ્બાચીયા (પાટણ)
શ્રી બી. ટી. નાયી (પાલ્લા)

: બિલ્ડીંગ પ્રોજેક્ટ કમિટિ (ઇજનેરી પાંખ) :

ચેરમેન : શ્રી કાળીદાસ કે. પારેખ, (ટ્રસ્ટી) • વા. ચેરમેન શ્રી ગોપાલભાઈ કે. વાળંદ, (ટ્રસ્ટી) • એન્જિનીયર : શ્રી ભાવિનભાઈ બી. લિમ્બાચિયા મો. ૯૯૨૫૬૦૪૪૪૩

શ્રી હર્ષદભાઈ નાથાભાઈ પારેખ (ટ્રસ્ટી)
શ્રી અરવિંદભાઈ જે. શર્મા (યુએસએ)
શ્રી હરિભાઈ કાનજીભાઈ લિમ્બાચીયા (ટ્રસ્ટી)
શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી)
શ્રી સંજયભાઈ સી. પારેખ (ટ્રસ્ટી)
શ્રી મહેશભાઈ જોટંગિયા (ટ્રસ્ટી)
શ્રી કિરીટકુમાર એમ. ભટ્ટી
શ્રી દિલીપભાઈ જે. વાઘેલા
શ્રી હસમુખભાઈ આર. પારેખ

: હિસાબી-વહિવટી પાંખ :

શ્રી મફતભાઈ વી. પારેખ
શ્રી જયંતિભાઈ કે. લિમ્બાચિયા
શ્રી નરોત્તમભાઈ એચ. નાયી
શ્રી વિપુલભાઈ વી. દલાલ
શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય

: એડવાઈઝરી કમિટિ :

શ્રી શરદભાઈ જે. શર્મા (વિજાપુર)
શ્રી અશોકભાઈ એ. વૈદ્ય (મહેસાણા)
શ્રી પ્રકાશચંદ્ર એન. વૈદ (હિંમતનગર)
શ્રી બિપીનભાઈ આર. વાળંદ (ટીમ્બા, સુરત)
શ્રી ચૈતન્યભાઈ મહાવદિયા (અમદાવાદ)
શ્રી જીતુભાઈ ખરચરિયા (અમદાવાદ)

: પ્રચાર-પ્રસાર કમિટિ :

શ્રી રાજેશભાઈ વાજા, સેનબંધુ સમાજ (સુરત)
શ્રી દામજીભાઈ ગોંડલિયા, સેનમિત્ર (રાજકોટ)
શ્રી વિપુલભાઈ વાળંદ સમાચાર (ભાવનગર)
શ્રી રમણભાઈ જી. લિમ્બાચીયા (અમદાવાદ)
શ્રી શશીભાઈ પારેખ (આણંદ)
શ્રી શૈલેશભાઈ એન. નાયી (દિયોદર)

# વાળંદ વિકાસ

Email : valandvikas@valandsevasangh.org

પ્રકાશક : **શ્રી બાલુભાઈ બી. પારેખ**
મો. : ૯૪૨૮૫૦૩૨૯૧
તંત્રી : **શ્રી જયંતીભાઈ કે. લિમ્બાચીયા**
મો. : ૯૪૨૮૦૪૧૦૧૯
સહતંત્રી : **શ્રી બી. ટી. નાયી (ટ્રસ્ટી) (પાલ્લા)**
મો. : ૯૪૨૬૩૯૧૩૦૨

| વાર્ષિક લવાજમ | આજીવન લવાજમ |
|---|---|
| દેશમાં રૂા. ૧૫૦/- | દેશમાં રૂા.૧૫૦૦/- |
| પરદેશમાં રૂા. ૧૫૦૦/- | પરદેશમાં રૂા.૧૫૦૦૦/- |


૧. વાળંદ વિકાસ એ જ્ઞાતિના વાચકોને વિવિધ વાંચન સામગ્રી પૂરી પાડતું પ્રિન્ટ મીડિયાનું માધ્યમ છે. તેમાં પ્રસિદ્ધિ પામતું લખાણ સંસ્થાના રેકર્ડમાં જરૂરી રહે છે. જેથી વા.વિ.ને છાપવા માટે લખાણ મોકલનારે ફુલસ્કેપ કાગળ પર ટાઈપ કરી અથવા સારા અક્ષરે પોતાના નામ-સંપર્ક નંબર સહિત લખી કાર્યાલયના સરનામે મોકલી આપવું. બહુ જરૂરી હોય તો લખાણનો ફોટો પાડી વૉટ્સએપથી તંત્રીને મોકલવું. આ સિવાય પોતાના મોબાઈલ પર ટાઈપ કરેલું કે ફોરવર્ડેડ મેસેજ સ્વરૂપનું લખાણ મોકલવું નહિ. આવું લખાણ વાળંદ વિકાસમાં છાપી શકાશે નહિ જેની નોંધ લેવા વિનંતી.

૨. વાળંદ વિકાસમાં પ્રસિદ્ધિ માટે આવતું મેટર, લેખ, બહુવિધ સુરુચિ જળવાય તેની યોગ્યતા ચકાસી ઉપલબ્ધ રહેતી જગ્યા અનુસાર સમાવવા પ્રયત્ન કરવામાં આવશે.

૩. વાળંદ વિકાસના લવાજમ, સરનામાં ફેરફાર, અંક ન મળ્યો હોવાની રજુઆત **કાર્યાલયના મેનેજર શ્રી ડાહ્યાભાઈ લિમ્બાચીયાનો સંપર્ક તેમના મો. નં. ૯૫૧૦૦૮૩૩૨૬ પર કરવી.** જે ચકાસણી કરી હકીકત જણાવશે. વ્યાજબી અને પૂરતા અગત્યના કારણો સિવાય તંત્રી-પ્રકાશકને સીધી રજુઆત નહિ કરવા નમ્ર વિનંતી છે.

૪. વાળંદ વિકાસનું લવાજમ કે તેમાં પ્રસિદ્ધ થતા બાયોડેટા, શ્રદ્ધાંજલિ, જ્ઞાતિ-ગૌરવ વિગેરે માટેના દરનાં નાણાં 'વાળંદ વિકાસ'ના નામે એકાઉન્ટ પેઈ ચેક અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી મોકલી શકાય છે અથવા નીચેની બેંકની વિગતો મુજબ બેંક ખાતામાં સીધેસીધાં ભરી શકાશે. નાણાં સીધેસીધાં જમા કરાવવાના કિસ્સામાં જમા રસીદની ઝેરોક્ષ નકલ કાર્યલયમાં તુર્તજ મોકલી આપવાની રહેશે તથા કાર્યાલયના ફોન નંબર ૦૭૯-૨૬૩૦૩૦૨૮ પર જાણ કરવાની રહેશે.

| | |
|---|---|
| બેંકનું નામ | : **બેંક ઓફ ઇન્ડિયા** |
| શાખા | : પંચવટી, એલિસબ્રિજ, અમદાવાદ-૬ |
| બેંક એકાઉન્ટ નં. | : 200110100010827 |
| ખાતાનું નામ | : વાળંદ વિકાસ |
| IFSC Code | : BKID0002001 |
| MICR Code | : 380013040 |


**-: કાર્યાલય :-**

**ગુજરાત વાળંદ સેવા સંઘ,** C/o. સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ કેમ્પસ, ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬ ફોન : ૦૭૯-૨૬૩૦૩૦૨૮

www.valandsevasangh.org
Email : valandsevasangh@gmail.com


## જાગીને જોઉં તો જગત દીસે નહીં...

આપણા ભક્ત કવિ નરસિંહ મહેતાની આ જાણીતી કૃતિમાં 'જાગવું' અને 'જગત' બે શબ્દો આધ્યાત્મિકતાની સાપેક્ષતાએ વ્યાપક અર્થ સૂચવી જાય છે કેમકે જગત એ સકામ કર્મથી ઉદ્‌ભવતી ઘટના છે અને જોવું એ એક સમજ પ્રમાણે સકામ કર્મ છે. દીસવું એ સહજ સામાન્ય બાબત છે જે સ્વાભાવિકપણે સંપન્ન થયા કરે છે અને જાગવું એ ચૈતન્યને સંલગ્ન વાત છે.


ગીતામાં જણાવ્યા પ્રમાણે કર્મ એ બાબત છે જેનાથી ક્ષેત્ર ઉત્પન્ન થાય છે. આ ક્ષેત્ર એટલે જ, એક પ્રકારે આ જગત. કર્મનો લોપ થતાં જ જગત ક્ષય પામે છે. કર્મનો લોપ કરવાની ક્રિયા એ જ જાગવું. ગીતામાં જ જણાવ્યા પ્રમાણે કર્મ એ રીતે કરવામાં આવે કે કર્મફળનું બંધન ન લાગે, તેને જ યોગ્ય રીતે કરાયેલ કર્મ કહેવાય. ધર્મને કારણ તથા નિમિત્ત બનીને આવેલું કર્મ નિષ્કામ ભાવથી કરવાથી તે કર્મનો તરત જ નાશ થાય છે અને ક્રમશઃ જગતનું કારણ નાશ પામતું જાય છે.

જગત એ સકામ કર્મનું પરિણામ છે તો જાગવું એ નિષ્કામમાં પ્રવેશવાની પ્રક્રિયા છે. સાચા અર્થમાં 'જાગી' જવાથી સંસાર તેમજ જગત યોગ્ય પરિપ્રેક્ષ્યમાં દેખાવા માંડે છે જેને કારણે તેના પ્રત્યેનો મોહ ઘટતો જાય છે. જગતનું-સંસારનું સાચું સ્વરૂપ જ્યારે આપણી સમક્ષ પ્રગટ થાય ત્યારે મનમાં તેના પ્રત્યે વૈરાગ્ય જાગ્રત થાય. આવો વૈરાગ્ય, જે ઉપરથી આડંબર રૂપે ઠોકી બેસાડેલો ન હોવાથી, મુક્તિ માટેનું યોગ્ય સાધન બની રહે. જાગી જવાથી જ આવરણો દૂર થાય. આવરણ દૂર થતાં જ ચૈતન્યની અનુભૂતિ થાય અને આવી અનુભૂતિ થતાં જ, ભલે સ્થૂળ સ્વરૂપે જગત હયાત રહે તો પણ તે જાગેલા માનવી માટે ભ્રમ સમાન બની રહે.

જાગી જવાથી વસ્તુ જોવી નથી પડતી, દેખાવા માંડે છે. પછી જે થાય છે તેમાં પ્રયત્ન નથી હોતો. તે તો આપમેળે થવા માંડે છે. દેખાવું કે નહીં દેખાવું, તે પછી આપણા કર્મના ભાગ રૂપે નથી રહેતું, તે સહજ પ્રક્રિયા બની રહે છે. જાગવાથી જ માયાના પડદા દૂર થાય છે અને જે પૂર્ણ છે-જે સનાતન છે તે દેખાવા માંડે છે.

જોવું એ સકામ કર્મ છે પણ દેખાવું એ સહજ

(અનુસંધાન પાન ૬ પર)



## તંત્રીની કલમે

# કૃષ્ણં વંદે જગદ્‌ગુરુમ્ ।

જગતગુરુ શ્રીકૃષ્ણ પરમાત્માને કોટિ કોટિ વંદન.

કૃષ્ણ એ હંમેશ માટે વર્તમાનના એટલે કે આજના ઈશ્વર હતા છે અને રહેશે. સમયની વણથંભી રફતારમાં યુગો, સૈંકાઓ, દાયકાઓ વહી ગયા પછી પણ હંમેશાં સાંપ્રત (Relevant) છે. શ્રીકૃષ્ણ લોકનાયક, ભક્તવત્સલ હોવાના નાતે લોકજીવનના ધબકારમાં તેમનું અસ્તિત્વ મહેસૂસ થાય છે. વેદોમાં ભલે નિર્ગુણ-નિરાકાર ઈશ્વરવાદ, અહમ્ બ્રહ્માસ્મિ જેવી અદ્વેત પરમતત્ત્વરૂપી પરમાત્માની વાત હોય, તે જ્ઞાનમાર્ગની ચરમસીમાએ જવલ્લેજ પહોંચી શકે તેવી કોઈ વિભૂતિના સાક્ષાત્કારમાં વર્તાય પણ આપણા શ્રીકૃષ્ણ તો લોકજીવન મહીં ધબકતા આપણા પોતીકા પ્રભુ હોવાનું હર કોઈ શ્રદ્ધાળુને ભાસે છે. કૃષ્ણ દ્વેત સ્વરૂપે વિહરતા સગુણ ઈશ્વર છે. સચ્ચિદાનંદ સ્વરૂપે પરમાત્મા છે. જગતનિયંતા હોવા છતાં સામાન્ય માનવીના થઈને રહ્યા હોવાની લોકોમાં એક આસ્થા છે. દર વર્ષે અષાઢી બીજના રોજ ભગવાન જગન્નાથની રથયાત્રામાં હજારોની સંખ્યામાં લોકો પોતાના પ્યારા પ્રભુની નગરચર્યા નિહાળવા નીકળે છે. શ્રાવણ વદ અષ્ટમીએ કૃષ્ણજન્મોત્સવ પ્રસંગ ગામે ગામ નગરે-નગરે ખૂબ શ્રદ્ધા અને ભક્તિસભર રીતે દબદબા અને ધામધૂમપૂર્વક ઉજવાય છે. તેમનું શરણ સાચા હૃદયથી સ્વીકારનાર ભક્તોને શ્રીકૃષ્ણ જીવનની હર એક અવસ્થા - 'જેમાં તેઓ લોકો વચ્ચે રહી ઉછર્યા, મોટા થઈ દ્વારિકાના રાજા બન્યા, મહાભારતમાં કુરુક્ષેત્રના યુદ્ધમાં અર્જુનના સારથિ બની વિરાટ વિશ્વ સ્વરૂપનાં દર્શન કરાવી કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગના ત્રિવેણીસંગમ સમા આત્મદર્શનનો અર્જુનને પરિચય કરાવનાર વિશ્વવિશ્વેશ્વર, અધર્મનો નાશ કરી ધર્મના રક્ષણ કાજે અર્જુનને યુદ્ધમાં પ્રવૃત્ત થવા 'ગાંડીવ'ની પ્રત્યંચાનો રણટંકાર કરવાની દોરવણી આપતા માર્ગદર્શક સખા, જીવનલીલા સંકેલવા જરા નામના પારધિને નિમિત્ત બનાવતા પુરુષોત્તમ' જાણે કે જ્ઞાતા-દૃષ્ટા બની નિહાળી રહ્યા ન હોય તેવો અહેસાસ થયા વગર રહે નહિ.

ભગવાન વેદ વ્યાસે કહ્યું છે કે વિશ્વમાં જે કાંઈ છે તે મહાભારતમાં છે. જેમાં ધર્મ-અધર્મ, નીતિ-અનીતિ અને આદર્શો-કપટ પ્રપંચ વચ્ચેના દ્વંદ્વોનું નિરુપણ થયેલું છે તેવા આ ગ્રંથમાં કૃષ્ણ વિવિધ સ્વરૂપે ઉપસે છે. પરિસ્થિતિની માંગ મુજબ એક કૃષ્ણમાં અનેક કૃષ્ણ છે. નટખટ કાનુડા રૂપી બાળકૃષ્ણ છે, ગાયો ચરાવવા જનાર ગોપાલ છે, મટકી ફોડ માખણચોર છે, વાંસળી વગાડનાર બંસીધર છે, ગિરિરાજ ધરણ ગીરધારી છે, કાલીનાગને નાથનાર પરાક્રમી સાહસિક છે, ગોપીઓનો પ્રિય ગોપીશ્વર છે, સુદામાના બાલસખા દ્વારિકાધીશ છે, દ્રૌપદીનાં ચીર પૂરનાર ગોવિંદ છે. અર્જુનને સઘળી ચિંતા મુકી કર્તૃત્વની કેડીએ નિષ્કામ કર્મમાર્ગે પ્રેરિત કરનાર માધવ છે, બ્રહ્માંડના સ્વામી જગન્નાથ છે, યોગના અધિષ્ઠાતા યોગેશ્વર છે, એમ કહી શકાય કે મોરપીંછમાં જેટલી રંગછટાઓ છે એટલી કૃષ્ણમાં છે. જે પણ ખૂણેથી જુઓ અલગ રંગ ઝળકે અને એટલે જ કૃષ્ણ બધાને ફાવે તેવા ઈશ્વર છે. શ્રીકૃષ્ણને ભજવા માટે પણ મનભાવન અલગ અલગ શૈલી છે. કેટલાકને બાલસ્વરૂપ, કેટલાકને નટખટ કાનુડો, કેટલાક બાળ લીલા કરતા ગિરીરાજધરણ રસરાજ પ્રભુ શ્રીનાથજી સ્વરૂપે ભજે, કેટલાક દ્વારિકાના રાજા દ્વારિકાધીશ રૂપે ભજે, કેટલાકને વળી જ્ઞાની કૃષ્ણ પરમાત્માની ભક્તિ ગમે જે યોગેશ્વર સ્વરૂપે ભજે. આ બધા જ કૃષ્ણભક્તિના માર્ગો છે. એટલે જ સાહજિકતાથી કહેવાય કે કૃષ્ણ બધા માટે સહજ ઉપલબ્ધ એવા પરમેશ્વર છે.

ભગવદ્‌ગીતાના ચોથા અધ્યાયના આઠમાં શ્લોકમાં **'ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે'**ના આપેલ વચન પ્રમાણે પૃથ્વી પર જ્યારે અસત્, દુરાચાર, પ્રપંચ, અધર્મ, અનીતિ પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે ધર્મને, સત્યને, નીતિને માર્ગે ચાલતા સજ્જનોના રક્ષણ અને ધર્મને પુનઃસ્થાપિત કરવા પરમાત્માનું પ્રાગટ્ય થાય છે. શ્રીકૃષ્ણનું જગતમહીં અવતરણ મનુષ્યજીવન માટે પ્રતીકાત્મક છે. અનેક પ્રતિકૂળ અને વિપરીત સંજોગો અને જોખમો વચ્ચે અસ્તિત્વ માટેનો તુમુલ સંઘર્ષ, થોડી પણ ઢીલાશ હોય તો ખતમ થઈ જવાનો ખતરો. એક રીતે જોઈએ તો કૃષ્ણનો જન્મ અને દેહોત્સર્ગ બંને વિશિષ્ટ છે. શ્રીકૃષ્ણનો જન્મ મથુરાની જેલમાં, બંદીવાન માતા-પિતા, પોતાના પર જન્મતાં વેંત જ મૃત્યુનો ખતરો, થોડીક જ ક્ષણોમાં માની ગોદને બદલે વાંસની ટોપલીમાં સૂઈને યમુના નદીનાં પૂર વીંધી ગોકૂળમાં નંદબાવાને ત્યાં યશોદાની ગોદમાં પહોંચવું, નંદ યશોદાના સવાયા પુત્ર થઈ રહેવું, ગોવાળિયા બની ગાયો ચરાવવી, બાર વર્ષની વયે ગોકુળ છોડી મથુરા જવાનું થતાં પાલક માતા-પિતા, પ્રિય

બાલસખા વૃંદ અને કૃષ્ણમય બનેલ રાધાથી વિખુટા પડવું, તરુણવયે જ મામા-કંસની સાથે મલ્લયુદ્ધમાં બાથ ભીડવાનો પનારો પડવો, કંસવધ પછી રાજા નહિ બનતાં નાના ઉગ્રસેનને મથુરાનું રાજ સોંપવું, કાલયવનને લીધે રણછોડ બનવું. સુવર્ણની દ્વારિકાનું નિર્માણ અને દ્વારિકાધીશ થવું, કુરુક્ષેત્રના યુદ્ધમાં સખા અર્જુનના સારથિ બની અપ્રત્યક્ષ રીતે અઢાર દિવસના આ યુદ્ધના કેન્દ્રમાં રહી રથીને યોગ્ય દોરવણી આપવી, છેલ્લે યાદવોની માંહે-માંહે લડવાની યાદવાસ્થળી વચ્ચે ભાલકા (પ્રભાસપાટણ) ખાતે પીપળાના વૃક્ષ નીચે જરા નામના પારધિનું તીર જમણા પગના અંગૂઠાની નીચે વાગ્યા બાદ નિર્વાણ... **કેવી નિસ્પૃહ અને નિર્લેપ જીવનલીલા !!!** અવતરણથી દેહોત્સર્ગ સુધીની ક્ષણેક્ષણ સંઘર્ષ છતાં કૃષ્ણ સદા હસતા રહ્યા. હળવા રહ્યા. આથી જ ભાર વગરના ભગવાન કહેવાયા. ભગવદ્ગીતામાં જીવન્મુક્ત પુરુષનાં જે લક્ષણોનું વર્ણન છે બિલકુલ તેવી જ જીવન પ્રવાહિતા એટલે કે યોગપુરુષ યોગેશ્વર.

શ્રીકૃષ્ણને અદ્ભુત ઈશ્વર કહીએ તો ખોટું નથી. નટખટ કાનુડા રૂપે તોફાની છે તો યુદ્ધમાર્ગથી ચલિત થનાર અર્જુનને નિર્ભય બની, ધર્મના રક્ષણ કાજે યુદ્ધમાં પ્રવૃત કરનાર તત્ત્વવેત્તા પણ છે. આમ સામાન્ય માનવી જેવો તેમનો વ્યવહાર લોકહૃદયમાં તેમની ભક્તિ માટે ઉદ્દીપક રહીને શ્રદ્ધા જન્માવે તેવો ચોક્કસ કહી શકાય. યુગો બદલાશે, વર્ષો વીતી જશે પણ હર યુગે હર સમયે કૃષ્ણ વર્તમાન (આજ) ના ઈશ્વર તરીકે લોકહૃદયમાં બિરાજેલા રહેશે તે નિસંદેહ નિર્વિવાદ સત્ય છે.

દરેક સમયના ભક્તો ચાહે અર્જુન, દ્રૌપદી, અભિમન્યુ, પરિક્ષિત હોય કે ચાહે સૂરદાસ, બ્રહ્માનંદ, નરસિંહ મહેતા, મીરાંબાઈ, પોકરણગઢના અજમલરાય, વૈષ્ણવ વલ્લભ મહાપ્રભુજી, દાસી જીવણ, ભક્ત બોડાણા, સંત શ્રી જલારામ હોય, વંદનીય ભાગવત કથાકાર પૂ. ડોંગરેજી મહારાજ કે કીર્તનકાર પુનિત મહારાજ હોય આ અને આવા અનેક ભક્તજનો જેણે જેણે સાચા હૃદયથી સમર્પિત થઈ શરણું સ્વીકાર્યું છે તેમના સૌના તે તે કાળના વર્તમાન ઈશ્વર છે.

સાંપ્રત કાળ વિષમ છે આજે જ્યારે માનવીય મૂલ્યોના હ્રાસ વચ્ચે સદાચારી બની જીવવું કપરું થઈ રહ્યું છે. જન્મથી મૃત્યુ સુધી અનિશ્ચિતતા અને અસુરક્ષાની ભીતિ વચ્ચે ઝંઝાવાતોનો સામનો કરવાનો સમય આવે ત્યારે શ્રીકૃષ્ણજીવન દર્શનમાંથી આપણને અનેક પદાર્થપાઠ મળે તેમ છે. સંઘર્ષોનો સામનો કરવાની લડાઈ આપણે જાતે જ લડવી પડે. પ્રતિકૂળ સંજોગોમાં આત્મશક્તિ ખીલી ઊઠે છે. સંજોગો સુખના હોય કે દુઃખના, હર્ષ કે શોક, અનુકૂળતા કે પ્રતિકૂળતા હરેક અવસ્થામાં ધૈર્ય ન ગુમાવી સ્થિતપ્રજ્ઞ રહી જીવતાં શીખવાનું છે.

પરમેશ્વરે ભગવદ્ગીતાના અઢારેય અધ્યાયોમાં હૃદયસ્પર્શી વાણીમાં અર્જુનને ઉદ્દેશીને પ્રબોધેલા જ્ઞાનને માર્ગે ચાલવાની પ્રેરણા મેળવીએ, અકર્તાભાવ રાખી નિષ્કામ કર્મનો રાહ અપનાવીએ. પરમાત્માની ભક્તિ સમર્પણ ભાવે કરી જીવનની ધન્યતા અનુભવીએ.

ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ પર્વની ઉજવણીથી હજુ સહુ તરોતાજા હશે. કૃષ્ણમય હશે. સૌને જયશ્રી કૃષ્ણ.

**જય યોગેશ્વર - જય સચ્ચિદાનંદ**

**જયંતિભાઈ કે. લિમ્બાચિયા**

---

(પાન ૪નું અનુસંધાન, જાગીને જોઉં તો...)

પરિણામ છે. જોવામાં શું જોવું તથા શું ન જોવું તેનો નિર્ણય વ્યક્તિ લેતો હોય છે. પણ શું દેખાય છે તે તો સંજોગો પર જ આધાર રાખે. જાગીને જ્યારે જોવાનો પ્રયત્ન કરાય છે ત્યારે એમ કહેવાય કે આપણે જગત જોવું છે, સંસાર જોવો છે, પણ તે દેખાતું નથી. જો જાગવું એ માત્ર આંખોની ક્રિયા હોય તો જગત તથા પરિસ્થિતિ જેમની તેમ દેખાશે, પણ જાગવું એ જો અંતરની ક્રિયા હોય તો જગત તથા જે તે પરિસ્થિતિ ન દેખાય.

નરસિંહ મહેતાનું આ કથન અંતઃકરણથી જાગેલ વ્યક્તિના મુખમાંથી એકાંત એ સાધન હોઈ શકે, જેનાથી અળગા થવાની પ્રક્રિયા કંઈક સરળ બને, પણ સમય જતાં એકાંત એ સાધનાનું પરિણામ હોઈ શકે, જેમાં વ્યક્તિ કોઈપણ સમયે સ્વમાં પરોવાઈ જાય. સાધનામાં આગળ વધતાં પરિસ્થિતિની અસરથી જાતને અલગ રાખતાં જેમ જેમ આવડતું જાય તેમ તેમ વ્યક્તિ સ્વયં એકાંત ઊભું કરી શકે. આવી સ્થિતિમાં એકાંત સહજ બની રહે તે શોધવાની બાબત ન રહે.

ગંગા સતી જ્યારે એકાંતે બેસીને અલખને આરાધવાની વાત કરે ત્યારે સ્થળ નહીં પણ મનની ભૂમિકા વધુ મહત્ત્વની બની રહે. કારણ કે તેમણે તો સમાજની વચમાં રહીને જ પોતાના જન્મનો હેતુ પાર પડેલો.

**જય સચ્ચિદાનંદ.**

**(પુનઃ પ્રકાશિત)**



## પ્રમુખશ્રીની કલમે

વ્હાલા જ્ઞાતિ જ્ઞાતિજનો,

સસ્નેહ વંદન.

ગુજરાત વાળંદ સેવા સંઘ સંચાલિત મેગેઝીન 'વાળંદ વિકાસ'ના માધ્યમથી વધુ એકવાર આપની સમક્ષ આવતાં આનંદની લાગણી અનુભવું છું. મિત્રો, આપ સૌને સંસ્થાના નવિન બિલ્ડીંગ પ્રોજેક્ટના કામકાજથી સમયે-સમયે વાકેફ કરવાનો મારો સંનિષ્ઠ અભિગમ રહ્યો છે. સાથે સાથે આ પ્રોજેક્ટ માટે જરૂરી ફંડ એકત્રિત કરવા અંગે પણ આપની સમક્ષ ટહેલ નાખવામાં આવે છે. આપ સહુ જાણો છો કે આ પ્રોજેક્ટ આપણી સમગ્ર જ્ઞાતિ માટે એક વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે જે પૂરો થતાં સમાજની ભાવિ પેઢી માટે સોનું વાવ્યા સમાન સિદ્ધ થશે. હાલની પ્રગતિની વાત કરું તો અત્યારે ગ્રાઉન્ડ ફ્લોરના આઠ ગાળાના સ્લેબ ભરાઈ ગયા છે. કોલમ બાંધકામ જે પ્રગતિમાં છે તે પૂર્ણ થતાં અને સેન્ટીંગ કામ પત્યા પછી નજીકના ભવિષ્યમાં જ બાકીના સ્લેબ ભરાઈ જશે એટલે ફટાફટ ઉપરના ફ્લોર્સનું બાંધકામ પૂરજોશમાં ઉપડશે અને ખૂબ મોટા પ્રમાણમાં ફંડની જરૂરત પડનાર છે. હું અને મારા સાથી ટ્રસ્ટીમિત્રો ફંડ મેળવવાના વિકલ્પો અંગે સતત ગંભીરતાથી વિચારી કાર્યરત છીએ. છતાં આ માટે જ્ઞાતિજનોમાંથી ખૂબ બહોળા પ્રમાણમાં અને વ્યાપકપણે દાતાઓનો સમૂહ ઝડપથી અમને સહયોગ આપવા આગળ આવે તે જરૂરી છે. ગયા માસ દરમ્યાન મારા અનેક સાથીમિત્રો પોતપોતાના જથ, વિસ્તાર, સ્નેહીજનો વિગેરેના સંપર્કો વધારી પ્રોત્સાહક રીતે દાન મેળવી લાવ્યા છે તે સહુના પ્રયાસોને બિરદાવું છું. ગયા માસે શ્રી લિમ્બાચીયા સાર્વજનિક ધર્મશાળા, ડાકોરના વહીવટકર્તાઓએ મને તથા મંત્રીશ્રીને રૂબરૂ આમંત્રી સભા યોજી સારા એવા દાનની જાહેરાત કરી છે જે આ અંકમાં પ્રકાશિત કરી છે. રાજકોટ ખાતેના ફંક્શનમાં પણ મંત્રીશ્રી ભાનુભાઈ વૈદ્ય, તથા ટ્રસ્ટીશ્રી હરિભાઈ કે. લિમ્બાચીયાએ ઉપસ્થિત રહી ટહેલ નાખી છે. સમાજમાં પણ સર્વશ્રી રમણભાઈ જી. લિમ્બાચિયા, હસમુખભાઈ લખતરિયા, લાલભાઈ વાળંદ, કલીકુંડ (ધોળકા) તથા જગદીશભાઈ સુરાણી વિગેરે સોશીયલ મીડિયાના માધ્યમથી આકર્ષક અને અસરકારક લેખનશૈલીથી આ પ્રોજેક્ટ માટે પ્રચાર-પ્રસાર થકી દાન મેળવવા અપીલ કરતા રહ્યા છે. સમાજદર્શન ચેનલના રમણભાઈ જી. લિમ્બાચિયા તથા ઉનાવાના શ્રી સોમાભાઈ કે. લિમ્બાચિયા - આ બંને મહાનુભાવોએ ગુ. વા. સેવા સંઘના શુભચિંતક તરીકે પ્રયત્નો કરી પોતપોતાની રીતે દાન મેળવી આપવામાં સહયોગી બન્યા છે તેમને હું બિરદાવું છું. આપ સહુને ફરી એકવાર અપીલ કે આપ જ્ઞાતિના વિકાસના આ સ્વપ્નને સાકાર કરવા કોઈ પણ ખચકાટ વગર ખૂલ્લા મનથી દાનની સરવાણી વહાવી સંસ્થાની ઝોળી ભરી દેશો તો આપનો આભારી રહીશ.

**આપનો**
**વિપુલ વી. દલાલ**
**પ્રમુખ, ગુજરાત વાળંદ સેવા સંઘ**

## ગુજરાત વાળંદ સેવા સંઘના નવિન બિલ્ડીંગ માટે ઓગસ્ટ-૨૦૨૪ માસમાં

### જમા થયેલ દાનની યાદી

| રૂપિયામાં | નામ |
|---|---|
| ૨૫,૦૦૦/- | શ્રી વિપુલભાઈ વી. દલાલ, અમદાવાદ |
| ૫૧,૦૦૦/- | શ્રી પરેશભાઈ ભાઈલાલભાઈ વણોદીયા, અમદાવાદ |
| ૫૧,૦૨૧/- | શ્રી અમદાવાદ દોતોર જથ ક્રેડીટ સોસાયટી, હસ્તે રમણલાલ લીમ્બાચીયા, અમદાવાદ |
| ૫,૫૫૫/- | શ્રી કાનજીભાઈ પરમાભાઈ નાયી, અમદાવાદ |
| ૧૧,૦૦૦/- | શ્રી વિષ્ણુભાઈ દલપતભાઈ |

૫,૧૦૦/- શ્રી કુણાલભાઈ અનીલભાઈ વાળંદ, વડોદરા
૧૧,૦૦૦/- કર્મચારી મંડળ રાજકોટ હસ્તે શ્રી સુરાણીભાઈ રાજકોટ
૧૧,૦૦૦/- શ્રી ચંદનબેન દેવજીભાઈ લીમ્બાચીયા, પાટણ
૫,૧૫૧/- શ્રી ગોવિંદભાઈ શંકરલાલ લીમ્બાચીયા, મહેસાણા
૫,૫૧,૦૦૦/- સ્વ. દિલીપભાઈ ચીમનલાલ લાલા, હસ્તે તેમની દિકરી કવિતાબેન દિલીપભાઈ લાલા, અમદાવાદ
૫,૧૫૦/- શ્રી અનિલકુમાર ચંદુભાઈ પારેખ, અમદાવાદ
૫,૧૫૧/- શ્રી અજમલભાઈ રામાભાઈ નાયી, પાટણ
૨૧,૦૦૦/- શ્રી દિલીપભાઈ અશોકભાઈ જાદવ, પાટણ
૧૧,૦૦૦/- શ્રી હરિશભાઈ એમ. પારેખ, નડીયાદ
૫,૧૫૧/- શ્રી અશોકભાઈ વિષ્ણુભાઈ નાયી, ગોવના હાલ પાટણ
૧૧,૧૦૧/- શ્રી પંકજકુમાર જયંતિભાઈ નાયી, હિંમતનગર
૫,૧૫૧/- શ્રી લાલુભાઈ કનૈયાલાલ વાળંદ, અમદાવાદ
૨૫,૦૦૦/- શ્રી ઉમેશભાઈ વિઠ્ઠલભાઈ પારેખ, અમદાવાદ
૫,૧૫૧/- શ્રી અશોકભાઈ રમણલાલ પારેખ
૧૧,૧૧૧/- શ્રી ગોવિંદભાઈ સાંકળચંદભાઈ લીમ્બાચીયા (ભૂતપૂર્વ ગૃહપતિ, પુંધરા વાળંદ વિદ્યાર્થી ગૃહ)-ગુંછળી
૫,૧૫૧/- શ્રી શૈલેશકુમાર રમણભાઈ ડાભી, હાલ પાટણ
૫,૧૦૦/- ઉમા એન્જિનિયરીંગ, હ. વિષ્ણુભાઈ પટેલ
૫,૧૫૧/- શ્રી અમિતભાઈ રસિકભાઈ નાયી, પાટણ
૧૫,૫૫૧/- શ્રી મુકેશભાઈ ભાયચંદભાઈ નાયી, પાટણ
૫,૦૦૧/- શ્રી લાલાભાઈ મુક્તિભાઈ, પાટણ
૫,૧૫૧/- શ્રી વાસુભાઈ સોમાભાઈ નાયી, પાટણ
૧૫,૪૫૧/- શ્રી જયેશભાઈ કીર્તિલાલ નાયી, પાટણ
૧૧,૦૦૦/- શ્રી સ્વ. ભાટિયા ચીમનલાલ ગીરધરલાલ હસ્તે એડવોકેટ શ્રી જીતેન્દ્રભાઈ ભાટિયા, ભિલોડા
૫,૧૧૧/- શ્રી દેવેન્દ્રભાઈ લિમ્બાચીયા, ઈડર
૧,૧૧,૧૦૧/- શ્રી જયંતિલાલ શંકરલાલ નાયી, ઈડર
૧૨,૧૧૨/- શ્રી પરસોત્તમભાઈ મણીલાલ નાયી, પાટણ
૫૦,૦૦૦/- શ્રીમતિ હસુમતીબેન પારેખ-માતર (સ્વ. દિનેશભાઈ બી. પારેખના સ્મરણાર્થે)
૫,૧૫૧/- શ્રી અશોકભાઈ નટવરલાલ પારેખ, મોટા નવગામ જથ, વડોદરા

**વિશેષ નોંધ :** ઓગસ્ટ ૨૪ના અંકમાં રૂા. ૨૧,૧૧૧/-નું દાન સ્વ., સોમાભાઈ લક્ષ્મીદાસ વાળંદના સ્મરણાર્થે હસ્તે પ્રિયકાંત પૂનમભાઈ વાળંદ રઢુ, તા.જિ. ખેડા એ પ્રમાણે સુધારો કરાવેલ છે.

## જાહેર થયેલ દાનની યાદી

| રૂપિયામાં | નામ |
|---|---|
| ૫,૫૧,૦૦૦/- | નાયી વાળંદ એકતા મંચ ગૃપ એડમીન શ્રી રમણભાઈ જી. લિમ્બાચીયાની અપીલના માધ્યમથી ગૃપના સભ્યો વતી જાહેર થયેલ રકમ |
| ૧,૦૦,૦૦૦/- | સ્વ. નરેશકુમાર મોહનલાલ ગાંધી હસ્તે તેમના પુત્ર કુંતલકુમાર તરફથી, વડોદરા |
| ૨૧,૦૦૧/- | શ્રી રમણભાઈ હેમરાજભાઈ નાયી, આંગોલી, અમદાવાદ |
| ૨૫,૦૦૦/- | ડૉ. દિનાનાથ શર્મા, હસ્તે પી. એસ. શર્મા, અમદાવાદ |
| ૧૧,૦૦૦/- | રીટાબેન સોમાભાઈ લીમ્બાચીયા, ઊંઝા |
| ૨૫,૦૦૦/- | સ્વ. ગીતાબેન બગથરીયા, રાજકોટ |
| ૫,૧૫૧/- | શ્રી દશરથભાઈ નટવરલાલ નાયી, અમદાવાદ |
| ૨૧,૦૦૦/- | શ્રી અનિલભાઈ આત્મારામ લિમ્બાચીયા, મુંબઈ |
| ૧૧,૦૦૦/- | શ્રી ભરતભાઈ અંબાલાલ પારેખ,ધામતવાણ |
| ૧,૧૧,૧૧૧/- | શ્રી અમૃતલાલ પુરુસોત્તમદાસ નાયી, યુ.કે. |
| ૧૧,૦૦૦/- | શ્રી ભીખાભાઈ કેશવલાલ લીમ્બાચીયા, ઉનાવા, અમદાવાદ |
| ૧૧,૦૦૦/- | શ્રી કંદર્પકુમાર રાજેશકુમાર વૈદ્ય, ઊંઝા, અમદાવાદ |
| ૫,૧૦૦/- | શ્રી બાબુભાઈ મણીલાલ પારેખ, ઉનાવા |
| ૫,૧૦૦/- | શ્રી સુરેશભાઈ નારાયણદાસ લીમ્બાચીયા, પાંચોટ |
| ૫,૧૦૦/- | શ્રી વિનોદભાઈ વિક્રમભાઈ લીમ્બાચીયા, ઐઠોર |
| ૧૫,૦૦૦/- | શ્રી ભરતભાઈ ડાહ્યાભાઈ લીમ્બાચીયા, ઉનાવા, અમદાવાદ |

૫,૧૦૦/- શ્રીમતી ભાનુબેન અમૃતલાલ લીમ્બાચીયા, સુણોક, અમદાવાદ
૫,૧૫૧/- શ્રી નરેન્દ્રભાઈ ચંદસેરીયા
૫,૧૫૧/- શ્રી વિનોદભાઈ ચંદેસરીયા
૫,૧૫૧/- શ્રી બાબુભાઈ પારેખ, પીલોલ
૫,૧૦૦/- શ્રી જનકભાઈ મંગળભાઈ પારેખ, ડાકોર
૨૫,૦૦૦/- શ્રી શ્યામલભાઈ નાયી
૧૦,૩૦૨/- શ્રી બકાભાઈ ગણપતભાઈ, પાટણ
૫,૦૦૧/- શ્રી ભરતભાઈ ભાયચંદભાઈ નાયી, પાટણ
૧૧,૦૦૦/- શ્રી પુનિતભાઈ છગનભાઈ નાયી, પાટણ
૫,૧૦૦/- શ્રી શૈલેશભાઈ ડાહ્યાલાલ પઢિયાર, પાટણ
૩૧,૦૦૦/- શ્રી માધુભાઈ લિમ્બાચીયા, પ્રમુખશ્રી અંબાજી ધર્મશાળા ટ્રસ્ટ
૧૧,૦૦૦/- શ્રી રાજુભાઈ વિઠ્ઠલદાસ શર્મા, ગાંધીનગર

માનવંતા દાતાશ્રી તથા દાન માટે પ્રેરણારૂપ બનનાર સહુનો ગુ. વા. સેવા સંઘ આભાર વ્યક્ત કરે છે.

સંકલન : ભાનુભાઈ એન. વૈદ્ય,
મંત્રી, ગુજરાત વાળંદ સેવા સંઘ

## સમાજસેવા ક્ષેત્રે અનોખું વ્યક્તિત્વ



### રમણભાઈ ગંગારામભાઈ લિમ્બાચીયા

**સંચાલક : 'નાયી-વાળંદ એકતા મંચ' વૉટ્સએપ ગૃપ**

આપણી જ્ઞાતિમાં સમાજસેવા ક્ષેત્રે સંકળાયેલ તથા પ્રવૃત્ત અનેક ઠેકાણે અનેક જ્ઞાતિરત્નો છે, પણ આમાં એક વ્યક્તિત્વ અલગ તરી આવે  છે. કોઈપણ સંસ્થા-જુથ-મંડળ કે સંગઠનમાં કોઈ પદવી, હોદ્દો કે અધિકારક્ષેત્રથી. ક્યાંય લાભાન્વિત ન હોવા છતાં દિમાગી આવડત, તીવ્ર ધગશ, અથાગ મહેનત, સાચી લગન તથા પોતાની ઊર્જાશક્તિ ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિને સમાજમાં વહેંચવાની ઉમદા ભાવના વિગેરે થકી જ્ઞાતિજનોની નિઃસ્વાર્થ સેવા કરવાની શુભનિષ્ઠાના પરિપાકરૂપે જ્ઞાતિસેવાના નભોમંડળમાં છેલ્લા કેટલાક સમયથી ઉદિત થઈ બુલંદી પર ચમકતો સિતારો એટલે **શ્રી રમણભાઈ** ઉર્ફે 'આર. જી. લિમ્બાચીયા'

તેમનો ટૂંકમાં પરિચય જાણીએ તો ચુંવાળ જુથ પાંચ પરગણા વાળંદ સમાજ-૪૨ વિભાગના રૂદાતલ, તા. દેત્રોજના વતની તેઓ છેલ્લા પાંત્રીસ વર્ષથી, ચાંદલોડિયા-અમદાવાદ સ્થાયી થયેલ છે. કોમ્યુનિકેશન અને આધુનિક સવલતોનાં ટાંચાં સાધનો ધરાવતા ગામડામાં બાળપણ વીતાવ્યું. માતા-પિતા તથા પાંચ ભાઈ અને બે બહેનો યુક્ત પરિવારમાં તેઓ ત્રીજા નંબરનું સંતાન. ચુસ્ત ગાંધીવાદી વિચારો ધરાવતા સ્વાશ્રય અને સાદગીના આગ્રહી તેમના પિતાશ્રી વ્યવસાયે શિક્ષક હતા. ધાર્મિકતા અને સંસ્કારિતાના સદ્ગુણોનું સિંચન પરિવારમાંથી જ થયું. સાથે શિક્ષણનું મહત્ત્વ અને વ્યાપ ધરાવતા આ પરિવારમાં વતન તથા બાજુના ગામમાં તેમણે પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ મેળવી અમદાવાદની સી. એન. ફાઈન આર્ટસ કોલેજમાં વધુ અભ્યાસઅર્થે જોડાયા, તે વખતે આપણા પુંધરા વાળંદ વિદ્યાર્થીગૃહમાં થોડોક સમય રહ્યા. સંસ્થા માટે મનમાં સદ્ભાવ રાખી સમય અને સંજોગો સાથ આપે ત્યારે યથોચિત પ્રકારે ઋણ અદા કરવાની ખેવના હતી.

પછી તો સમયનું ચક્ર ચાલતું રહ્યું અને આ ચક્રવલયો વચ્ચે સંઘર્ષમય કઠિન આર્થિક સંજોગોનો તબક્કો પસાર કરતાં કરતાં પરિવારનું જતન કર્યું. પરિવાર સ્વનિર્ભર થયા બાદ મન માંહી પડેલા સમાજસેવાના સંસ્કાર ઉજાગર થયા અને આમ સંજોગો સાનુકૂળ થતાં શરૂ થઈ તેમની સમાજસેવા સફર.

આપણે જાણીએ છીએ કે હાલ શ્રી રમણભાઈ 'સમાજદર્શન યુટ્યુબ ચેનલ' ચલાવે છે. તેમને નિમંત્રણ અપાય અથવા જાણકારી મળે ત્યાં સમાજના કોઈપણ સેમિનાર, સભા કે કાર્યક્રમોમાં પહોંચી જઈ તેમની યુ ટ્યુબ ચેનલના માધ્યમથી રેકોર્ડીંગ કરી, સંગ્રહિત કરી તેને સમાજના સોશીયલ, મીડિયા પર પ્રસારિત કરે છે જે દશ્ય-શ્રાવ્ય સવલતનો બહોળા પ્રમાણમાં જ્ઞાતિજનોને ઘેરબેઠાં લાભ મળે છે. અને જે તે સંસ્થા/મંડળની પ્રવૃત્તિઓ પણ સાથે સાથે પ્રચારિત થાય છે. માત્ર આટલું જ નહિં પણ છેલ્લા ત્રણેક વર્ષથી દેશ-વિદેશના જ્ઞાતિજનોની આશરે ૭૫૦ (સાડા સાતસો) આસપાસ સંખ્યા ધરાવતા 'નાયી-વાળંદ એકતા મંચ' વૉટ્સએપ ગ્રુપનું તેઓ કુશળતાપૂર્વક સંચાલન કરે છે. શ્રી રમણભાઈ પોતે રોજેરોજ પોતાનો

સમય નિયમિત અને નિરંતર આપી ગૃપની સારી માવજત કરે છે. પોતાના વિનયી અને વિવેકી વાણી-વર્તન-વ્યવહાર થકી ગૃપમાં જોડાયેલા અનેક ક્ષેત્રના મહાનુભાવો, વ્યાવસાયિકો, સ્વધંધાર્થીઓ, કેળવણીકારો, નોકરીયાતો, નિવૃત્તો અને મહિલા કાર્યકર્તાઓ સહુની ચાહના મેળવી છે. તેમના દ્વારા નમ્ર, નિષ્પક્ષ અને અસરકારક ભાષામાં થતી રજુઆતનો લોકો આદર કરે છે. આ ઉપરાંત રાજ્યના લગભગ દરેક ખૂણે કાર્યરત અનેક સમાજસેવી કાર્યકર્તાઓ સાથે પણ જીવંત સંપર્ક ધરાવે છે અને બધા તેમના કાર્યોને બિરદાવી આદર કરે છે. **સમાજ સેવા માટે અંગત સમય-શક્તિનો વ્યય કરનાર આવાં જૂજ વ્યક્તિત્વો જોવા મળે. ખરેખર તેમની સેવાભાવના લોકોને ઊડીને આંખે વળગે તેવી છે.** પોતે શિક્ષિત હોવા સાથે સાહિત્ય, ઇતિહાસ, કલા, નાટ્ય જેવા વિષયમાં રૂચિ કેળવી હોઈ નવા નવા વિષયો પર ગૃપમાં લેખ રજુ કરે છે. જેની શૈલી રસ પડે તેવી હોય છે. શ્રી લિંબચ માતાજી તથા શ્રી સેન મહારાજ પ્રત્યે આસ્થા ધરાવે છે. આ ગૃપના માધ્યમથી સમાજમાં જરૂરીયાતમંદની સેવા અને જ્ઞાતિ સંસ્થા-મંડળોની પ્રવૃત્તિઓ, જરૂરીયાતોનો પ્રચાર પ્રસાર એ તેમનો મુદ્રાલેખ છે. આર્થિક સહયોગ થકી અનેક જરૂરીયાતમંદોને તબીબી તથા શૈક્ષણિક સહાયની મદદમાં આ રીતે તેઓ નિમિત્ત બન્યા છે.

આપણી 'ગુજરાત વાળંદ સેવા સંઘ સંસ્થા' દ્વારા નિર્માણાધીન નવિન ઈમારતમાં આર્થિક સહયોગના ભાગરૂપે આ 'નાયી-વાળંદ એકતા મંચ'માં જોડાયેલા સભ્યોના સંયુક્ત નામે 'એક રૂમ'ના નિર્માણ પેટે રૂપિયા ૫.૫૧ લાખના યોગદાનનું બીડું તેમણે ઝડપ્યું છે. આ માટે દરેક સભ્ય પાસે ઓછામાં ઓછા રૂપિયા ૧૦૦૧/- ગુ. વા. સેવા સંઘને બેન્ક ક્યુ.આર. કોડના માધ્યમથી જમા કરાવવા તેઓ છેલ્લા એક માસથી અપીલ કરતા રહ્યા છે અને અત્યાર સુધીમાં **આશરે રૂપિયા બે લાખ** રકમનું દાન આ ગૃપના માધ્યમથી ગુ.વા.સેવાસંઘમાં જાહેર/જમા થઈ ગયું છે. શ્રી રમણભાઈને વિશ્વાસ છે કે નિયત કરેલ એક રૂમનું લક્ષ્ય તેઓ ચોક્કસ હાંસલ કરી શકશે.

નાયી-વાળંદ એકતા મંચ ગૃપના સહયોગી સભ્યો તથા ગૃપ સંચાલક શ્રી રમણભાઈ જી. લિમ્બાચિયાની ઉદાત્ત ભાવના અને સહયોગને ગુજરાત વાળંદ સેવા સંઘ હૃદયપૂર્વક બિરદાવી આભાર વ્યક્ત કરે છે અને બાકીના સભ્યો પણ અપીલને ટૂંક સમયમાં જ સકારાત્મક પ્રતિસાદ આપશે તેવી આશા રાખે છે.

**સંકલન : જયંતિભાઈ કે. લિમ્બાચિયા,**
**તંત્રી વાળંદ વિકાસ**



## ગુજરાત વાળંદ સેવા સંઘના શુભચિંતક

## શ્રી સોમાભાઈ ખુશાલદાસ લિમ્બાચીયા

ગુજરાત વાળંદ સેવા સંઘના કોઈપણ પ્રકારના હોદ્દેદાર કે પદવી ન ધરાવતા હોવા છતાં આ સંસ્થા માટે અનન્ય શુભ લાગણી ધરાવતા શ્રીમાન સોમાભાઈ ખુશાલદાસ લિમ્બાચીયાનો આભાર માની તેમના પ્રત્યે આદર દર્શાવવાનું મન થયા વિના રહે નહીં. પોતાના પરિવારમાંથી સગા-સ્નેહીઓમાંથી તો ખરું જ ઉપરાંત તેર સેવા સમાજમાંથી પોતાના સક્રિય સંપર્કોનો ઉપયોગ કરી ગુજરાત વાળંદ સેવા સંઘના નવિન બિલ્ડીંગ પ્રોજેક્ટ માટે રૂપિયા એક લાખ ઉપરાંતનું દાન મેળવી આપવા સહયોગી બન્યા છે.

શ્રી સોમાભાઈ કે. લિમ્બાચીયા તેર સેવા સમાજ - ઉનાવાના વતની છે અને હાલ ઊંઝા રહે છે. શ્રી લિમ્બાચીયા ધર્માથ સેવા ટ્રસ્ટ અંબાજીમાં ઘણા લાંબા સમય સુધી સક્રિય ટ્રસ્ટી, મંત્રી અને ઉપપ્રમુખ તરીકે સેવાઓ આપી થોડા સમય અગાઉ નિવૃત્ત થયા છે. હાલ શ્રી લીંબાચીયા તેર સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટમાં ટ્રસ્ટી છે.

વ્યવસાયે તેઓ મહેસાણા જિલ્લામાં જગુદન તથા ભાસરિયામાં પ્રાથમિક શિક્ષક તરીકે ફરજો બજાવી સને ૨૦૦૪માં નિવૃત્ત થયેલા.

સમાજસેવામાં કોઈ હોદ્દા વગર પણ સમાજનું કાર્ય સારી રીતે કેમ કરી સંપન્ન થાય તે માટે હજુ પણ તેમનો સહકાર મળતો રહેશે તેવી શ્રી સોમાભાઈએ સ્વયંભૂ તૈયારી દાખવી છે. તેમની ઉમદા સેવાભાવના પ્રશંસનીય છે.

**સંકલન : જયંતિભાઈ કે. લિમ્બાચિયા**
**તંત્રી વાળંદ વિકાસ**

# પ્રાદેશિક સમાચાર

## શ્રી લિમ્બાચીયા સાર્વજનિક ધર્મશાળા ડાકોરમાં થયેલ સભાનો અહેવાલ



તા. ૨૮-૭-૨૦૨૪ના રોજ લીમ્બાચીયા ધર્મશાળા ડાકોરમાં ગુજરાત વાળંદ સેવા સંઘના બનતા નવા ભવનના લાભાર્થે એક કાર્યક્રમનું આયોજન ડાકોરના પ્રમુખ શ્રી દેવેન્દ્રભાઈ કોન્ટ્રાક્ટરે યોજેલ જેમાં મુક્ય મહેમાન તરીકે શ્રી વિપુલભાઈ વી. દલાલ ગુજરાત વાળંદ સેવા સંઘના પ્રમુખ તથા અરવિંદભાઈ જે. શર્મા, શ્રી સુરેશભાઈ જે. શર્મા તથા શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય મંત્રી શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘના તથા અન્ય મહાનુભાવો હાજર રહેલા. તે કાર્યક્રમમાં નવા ભવનની એટલે કે હોસ્ટેલની ચર્ચા કરીને અને નવા ભવન બાબતે પણ કેટલોક ખર્ચ થાય તે બાબતની માહિતી સભામાં આપી તેમાં નીચે મુજબનું દાન જાહેર કરવામાં આવ્યું.

(૧) ૧ રૂમ જાહેર - લીમ્બાચીયા સાર્વજનિક ધર્મશાળા ડાકોર રૂા. ૫,૫૧,૦૦૦/- (હસ્તે દેવેન્દ્રભાઈ કોન્ટ્રાક્ટર, અરવિંદભાઈ શર્મા, સુરેશભાઈ શર્મા, બાબુભાઈ પારેખ), (૨) ૧ રૂમ જાહેર - બાર ગામ જૂથ તરફથી, (૩) ૧ રૂમ જાહેર - માતર સત્યાવીસ જૂથ તરફથી, (૪) ૧ રૂમ જાહેર - અઢાર જૂથ તરફથી, (૫) છત્રીસ જૂથ તરફથી રૂા. ૫૧૦૦/- લેખે ૨૦૦ સભ્યોના શ્રી કેતનભાઈ તરફથી જાહેર કરેલ છે. (૬) રૂા. ૫,૧૫૧/- શ્રી બાબુભાઈ વલ્લભભાઈ પારેખ તરફથી, (૭) રૂા. ૫,૧૫૧/- શ્રી નરેન્દ્રભાઈ નંદેસરીયા, અમદાવાદ તરફથી, (૮) રૂા. ૫,૧૫૧/- શ્રી વિનોદભાઈ ચંદેસરીયા, અમદાવાદ તરફથી, (૯) રૂા. ૫૧૦૦/- શ્રી જનકભાઈ મંગળદાસ ડાકોર તરફથી, (૧૦) રૂા. ૧૧,૦૦૦/- શ્રી હરિશભાઈ એમ. પારેખ નડિયાદ તરફથી જાહેર કરેલ છે. (૧૧) રૂા. ૧,૦૦૧/- સ્વ. મીનાબેન વિજયકુમાર વાળંદ, હસ્તે વિજયકુમાર તરફથી (૧૨) રૂા. ૧,૦૦૧/- શ્રીમતી કમળાબેન અર્જુનસિંગ તરફથી.

ઉપર મુજબની રકમ રોકડામાં આવેલ છે. આ નવા ભવન બાબતે ખૂબ મોટા પ્રમાણમાં પ્રચાર પ્રમુખશ્રી અને મંત્રીશ્રી તરફથી કરવામાં આવ્યો અને માનનીય શ્રી સુરેશભાઈ શર્મા તથા ટ્રસ્ટી શ્રી દેવેન્દ્રભાઈ કોન્ટ્રાક્ટરે સારી જહેમત ઉઠાવી. એટલે આપણે બધા સાથે મળીને લિમ્બાચીયા ધર્મશાળા ડાકોરના તમામ ટ્રસ્ટીઓ તથા પ્રમુખ મંત્રીશ્રીનો ખૂબ આભાર માનીએ છીએ. ડાકોરના નવયુવાનોએ પણ સારો સહકાર આપ્યો. આ પ્રસંગે ગુજરાત વાળંદ સેવા સંઘના શ્રી વિપુલભાઈ દલાલ તરફથી લિમ્બાચીયા સાર્વજનિક ધર્મશાળા ડાકોરને ૩૧ ગાદલાનું દાન આપેલ છે.

**- ભાનુભાઈ એન. વૈદ્ય, મંત્રી ગુ.વા.સેવા સંઘ**

## રાજકોટ ખાતે વિદ્યાર્થી સન્માન સમારોહ



રાજકોટ ખાતે હેમુ ગઢવી હોલમાં આપણા સમાજના બાળકો માટે વિદ્યાર્થી સન્માન સમારોહ રાખેલ હતો ટોટલ 810 ફોર્મ આવેલ હતા વિદ્યાર્થીઓને શિલ્ડ સ્કુલ બેગ ચોપડા તેમજ બાળકોને ઉપયોગી વસ્તુઓ આપી સન્માનિત કરવામાં આવ્યા.

વાળંદ સમાજ કર્મચારી મંડળ દ્વારા રમેશભાઇ સુરાણી પ્રમુખ, સુનીલ ભાઇ સુરાણી, હરેશભાઈ લીંબાણી, ડો મનસુખભાઇ જોટગીયા, મહેશ ભાઈ રાઠોડ, યોગેશ

ભટી, યશવંતભાઈ વાઘેલા, ધવલભાઈ ભટી, શૈલેષ રાવરણી તથા તમામ કારોબારી, તમામ કર્મચારીના સભ્યો, તમામ સંસ્થાઓના પ્રમુખશ્રીઓ, ગોંડલ, જેતપુર, ધોરાજી, જુનાગઢ, સુરેન્દ્રનગર, અમદાવાદના આગેવાનો આવેલા. અમદાવાદથી આવેલા ગુજરાત વાળંદ સેવા સંઘના અગ્ર આગેવાનોને અમારી સંસ્થા તરફથી રૂા. 11000/-નું દાન સંસ્થાના બહુમાળી વિદ્યાર્થી ભવનમાં આપેલ હતું. આ કાર્યક્રમમાં ગુ. વા. સેવા સંઘના મંત્રી શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય તથા ટ્રસ્ટીશ્રી હરિભાઈ કે. લિમ્બાચીયા ઉપસ્થિત રહ્યા હતા.

**અહેવાલ પ્રેષક : શ્રી રમેશભાઈ સુરાણી, રાજકોટ.**

## હોમીયોપેથીને જાણો

### હોમીયોપેથી કામ કંઈ રીતે કરે છે ? એ જાણીશું

હોમીયોપેથી સમરૂપતાના સિદ્ધાંત પર આધારીત છે. જેમાં દવાઓ પોતાનાથી મળતા આવતા રોગોને દૂર કરે છે. જેને એ શરીરમાં પેદા કરે છે. બીજા અર્થમાં સમજીએ તો દવાઓનો એટલો ઓછો ડોઝથી કોઈ બીમારીને મટાડવી, જે કોઈ સ્વસ્થ વ્યક્તિ દ્વારા લેવામાં આવે તો એ એમાં બીમારીના લક્ષણ પેદા કરવામાં સક્ષમ હોય. હોમીયોપેથીમાં દવાનો પ્રયોગ પ્રાણીઓ પર કરવામાં આવતો નથી. સીધો માણસ પર કરવામાં આવે છે. હોમીયોપેથીમાં રોગને જડમૂળમાંથી કાઢવામાં આવે છે. જેમાં દર્દીની પુરી માહિતી લેવામાં આવે છે જેમકે રોગના લક્ષણો, એ શું વિચારે છે, એની રોજની દીનચર્યા, એનો સ્વભાવ વગેરે જાણીને દવા આપવામાં આવે છે.

હોમીયોપેથીમાં ઓચામાં ઓછો ડોઝ આપીને રોગને મટાડવામાં આવે છે. છતા આપવાની પદ્ધતિમાં સુંઘાડીને, પ્રવાહીરૂપે તથા નાના-નાના પિલ્સ રૂપે આપવામાં આવે છે.

### હોમીયોપેથીના ફાયદા

(૧) હોમીયોપેથી દવાઓ સુરક્ષીત હોય છે એની કોઈ સાઈડ ઈફેક્ટ થતી નથી કારણ કે આ દવાઓમાં કોઈ કેમીકલ હોતું નથી. જેથી પ્રેગ્નેન્ટ સ્ત્રી, બાળકો, વૃદ્ધો બધા લઈ શકે છે.

(૨) હોમીયોપેથી નવા-જૂના બધા રોગોમાં કામ કરે છે. એને લેવી બહુ જ સરળ હોય છે. આ દવાઓ લેવાની આદત નથી પડતી કેમકે એમાં કોઈ કેમીકલ હોતું નથી.

(૩) આ દવાઓ પ્રમાણમાં એટલી મોંઘી હોતી નથી. જેથી સરળતાથી આ દવા તમે લઈ શકો છો.

(૪) આ દવાઓ શરીરમાં રોગપ્રતિકારક શક્તિ વધારે છે અને શરીરના બધા અંગોના રોગોને મટાડે છે. જેથી દર્દીને એક જ ડૉક્ટર બધી સારવાર આપે છે. અલગ અલગ રોગ માટે અલગ અલગ ડૉક્ટર પાસે જવું પડતું નથી. દર્દીને એક કરતા વધારે રોગો હોય તો એના બધા રોગોની એક જ દવા આપવામાં આવે છે. અલગ અલગ રોગોની અલગ અલગ દવા આપતા નથી. જેથી લેવી બહુ જ સરળ બની જાય છે.

**પ્રશ્ન : હોમીયોપેથી દવામાં લસણ, ડુંગળી ખાવાની મનાઈ હોય છે ?**

**જવાબ :** હોમીયોપેથીમાં નવા રીસર્ચ પછી હવે એવું નથી. પણ રોગીને રોગના સંબંધમાં ખાવાની મનાઈ હોય છે. દવાના સંબંધમાં આપણી ના હોતી નથી. જેથી ડૉક્ટર કહે તો તમે ખાઈ શકો છો.

**પ્રશ્ન : હોમીયોપેથી દવા ધીમે ધીમે અસર કરે છે ?**

**જવાબ :** હોમીયોપેથીમાં રોગનો સમય કેટલો છે એ પર સારવાર અને મટવું નક્કી થતું હોય છે. રોગ જેટલો જૂનો એટલું ધીમે ધીમે મટે. બીજું તમે ડૉક્ટરથી રોગની જાણકારી છુપાવી હોય તો પણ દવાની અસર જેટલી જોઈએ એટલી ન થાય. જેથી ડૉક્ટરને રોગ અને વ્યક્તિગત માહિતી છુપાવ્યા વગર આપવી જેથી ડૉક્ટર ઝડપથી રોગને મટાડી શકે.

પ્રશ્ન : હોમીયોપેથી કયા રોગ પર જલ્દી અંકુશ લાવે છે ? બાળકોને લગતા રોગોમાં કેટલી અસરકારક છે ?

જવાબ : હોમીયોપેથી બધા રોગો પર અંકુશ લાવી શકે છે. હોમીયોપેથીમાં બધા રોગોનો ઈલાજ છે. દરેક હઠીલા રોગોમાં અસરકારક સાબીત થઈ છે. બાળકોમાં થતી એલર્જી, શ્વાસ અને ચામડીના રોગોમાં રામબાણ

સાબીત થઈ છે. બાળકોમાં રોગ પ્રતિકારક શક્તિ પણ સારી એવી વધે છે જેથી બાળક નીરોગી રહે છે.

**અમદાવાદના જાણીતા હોમીયોપેથીક ડૉક્ટર**
**ડૉ. યોગેશ કે. લીંબાચીયા,**
કન્સલ્ટીંગ હોમીયોપેથી
શ્રીદા હોમીયો ક્લીનીક, અમદાવાદ
મો. ૯૭૨૪૫ ૩૨૨૫૫

## કાળનું પરિવર્તન તો જુઓ !

'મહાભારત'નું વાચન ચાલી રહ્યું છે. આ મહાન ગ્રંથ જાણે વિચારરૂપી રત્નોનો 'પેસિફિક મહાસાગર' છે. અત્યંત વિરાટ અને વિશાળ ગ્રંથ છે. એક લાખ શ્લોકો છે તેમાં. જેમ જેમ તેમાં ઊંડા ઉતરતા જઈએ, તેમ તેમ આશ્ચર્યવત્ થતા જવાય છે. આમ તો તે ધર્મગ્રંથ મનાય છે, પણ હકીકતે તે એક સર્વગ્રાહી ગ્રંથ છે. તેમાં બધાં જ શાસ્ત્રોનો સમાવેશ થઈ જાય છે. સામાજિક, રાજકીય, આર્થિક, મનોવિજ્ઞાન, ધર્મશાસ્ત્ર - બધાં જ શાસ્ત્રોની ઝલક તેમાં જોવા મળે છે. પણ મૂળે તો આ ગ્રંથ તત્કાલીન સમાજનું જે પતન થઈ રહ્યું હતું તેનું જ વર્ણન કરે છે. આ પતનને અટકાવનારા અદ્‌ભુત લોકોની પણ આ કથા છે. પણ આ બધું વાંચીએ છીએ ત્યારે તેના લેખક સર્જક મહર્ષિ વ્યાસ પર આદર થઈ જાય છે કે તેમની પ્રજ્ઞા કેવી અકલ્પનાતીત હશે કે આવી વિરાટ કથા તેમણે સરળ ભાષામાં અને સનાતન બની શકે તેવી રીતે કહી છે. અને એક પણ એવી બાબત નથી, જેનું તેમણે તેમાં વર્ણન ન કર્યું હોય. એટલે જ પછીનું બધું જ સાહિત્ય 'વ્યાસથી ઉચ્છિષ્ટ' કહેવાયું છે.

પણ 'મહાભારત'માં એક વિશિષ્ટ બાબત જોવા મળે છે. તેમાં અનેક પાત્રો છે, એક એકથી ચડિયાતાં પાત્રો છે. કૃષ્ણ, ભીષ્મ, વિદુર, યુધિષ્ઠિર, અર્જુન, દૂર્યોધન, વ્યાસ પોતે, કર્ણ આવાં અનેક પાત્રો છે તેમાં. તે બધાનું કર્તવ્ય પણ પ્રચંડ છે. સમગ્ર કથામાં આ બધા છવાયેલા છે. પણ, આ બધા વચ્ચે, વ્યાસ એક વાત સતત મૂક્યા કરે છે કે 'આ બધા કાળને વશ છે.' એટલે કે કાળ જ મહત્ત્વનું - મુખ્ય પાત્ર છે. બધા પાસે અદ્‌ભુત શક્તિ કે સત્તા હોવા છતાં જ્યારે કાળ તેમની વિરુદ્ધ જાય છે ત્યારે આ બધા જ લાચાર થઈ જાય છે.

આ મુદ્દો વ્યાસે 'સ્ત્રીપર્વ'માં ખૂબ વિશદતાથી ચર્ચ્યો છે. પાંડવો અને કૌરવો વચ્ચે અઢાર દિવસ ભીષણ યુદ્ધ ચાલે છે. કૌરવો જીતતા દેખાય છે, પણ અંતે તો પાંડવો જ જીતે છે. અઢાર અક્ષૌહિણી સેનામાંથી કેવળ પાંચ પાંડવો, કૃષ્ણ, અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા એમ નવ જણા જ બચે છે. બાકી બધા મૃત્યુ પામે છે.

યુદ્ધ પૂરું થાય છે ત્યાર પછી પાંડવો અને ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને કૃષ્ણ રાજકુટુંબની સ્ત્રીઓ સાથે યુદ્ધમેદાનમાં જાય છે. ત્યાં આ બધાના મૃતદેહો પડ્યા હોય છે. બધી જ સ્ત્રીઓ પોતાના પતિઓ, ભાઈઓ, સગાંઓના મૃતદેહો જોઈ હચમચી જાય છે અને તેમની પાસે બેસીને વિલાપ કરે છે. મહાભારતમાં કદાચ સૌથી કરુણ પર્વ આ 'સ્ત્રીપર્વ' છે.

આ બધી જ સ્ત્રીઓની કરુણતા તેમના વતી ગાંધારી વ્યક્ત કરે છે. તેણે જો કે આંખ પર પાટા બાંધ્યા છે, પણ પોતાના તપના પ્રભાવથી તે ઇચ્છે તે જોઈ શકે છે, એટલે તે આ બધા મૃતદેહો અને વિલાપ કરતી સ્ત્રીઓને જોઈ શકે છે. તે પણ કકળી ઊઠે છે અને પોતાની વ્યથા તે કૃષ્ણ સામે વ્યક્ત કરે છે. તેની આ વ્યથાનો એક એક શબ્દ વાંચવા જેવો છે. તેમાં તે બધા યોદ્ધાઓનું વર્ણન કરે છે. જાણે કેમેરા ફરતો હોય તેમ એક એક યોદ્ધાનું વર્ણન કરે છે. તે પોતાનાં પુત્રો કે ભાઈ કે પૌત્રોનું વર્ણન તો કરે જ છે. પણ સાથે કર્ણ, અભિમન્યુ વગેરેનું પણ વર્ણન કરે છે. આ વર્ણન કરવામાં તેના દ્વારા વ્યાસ ખીલ્યા છે. બીજા વિશ્વયુદ્ધનું જે આત્યંતિક કરુણ વર્ણન થયું છે તેના કરતાં પણ કરુણ વર્ણન અહીં જોવા મળે છે.

ગાંધારી કહે છે કે આ બધા યોદ્ધાઓ સુંદર સુંવાળા પલંગોમાં સુવા ટેવાયેલા હતા, અને આજે ધૂળમાં રગદોળાય છે. અત્યંત બારીક અને સુંદર વસ્ત્રો પહેરવા ટેવાયેલા તેમનાં વસ્ત્રો લોહીથી ભીંજાયેલા અને ધૂળવાળાં છે. જેમના બાહુ સુંદર પત્નીઓના શરીરને વીંટળાતા હતા તે કપાયેલા જમીન પર પડ્યા છે. જેમને હજારો નોકરો પંખા નાખતા હતા, તેમને આજે ગીધોની પાંખોની હવા મળે છે. જેમની સુંદર આંખો સુંદરીઓને ઘાયલ કરતી તેને કાગડા ટોંચા મારે છે... વગેરે.

પણ આ વર્ણન કરતી વેળા બે કે ત્રણ શ્લોક થાય કે તરત ગાંધારી એક વાક્ય ફરી ફરી બોલે છે કે, 'કાળનું પરિવર્તન તો જુઓ !' એક જમાનામાં હાકોટા મારતા આ યોદ્ધાઓને કાળની થપાટ લાગી ગઈ છે અને તદ્દન વિપરીત સ્થિતિમાં તેઓ મુકાઈ ગયા છે. અને 'મહાભારત'ની મજા તો એ છે કે તે પછી પણ એવો સમય આવે છે જ્યારે ખુદ કૃષ્ણ પણ તેમના વંશનો નાશ અટકાવી શકતા નથી. તેમની નજર સામે તેમણે જ ઊભું કરેલ રાજ્ય નાશ પામે છે. અર્જુનની પણ એવી સ્થિતિ થાય છે કે તે સ્ત્રીઓને બચાવવા સમર્થ થતો

નથી. કૃષ્ણ પોતે પણ એક શિકારીના બાણથી મૃત્યુને વશ થાય છે. પાંડવોને પણ હિમાલયમાં મોત મળે છે. અદ્‌ભુત, પ્રબળ, પ્રચંડ મહારથીઓ કાળની એક થપાટથી લાચાર થઈ જાય છે અને તેને વશ થઈ જાય છે.

સદીઓથી ચર્ચા ચાલે છે કે ભાગ્ય બળવાન કે પુરુષાર્થ બળવાન ! બંને પક્ષની તરફેણમાં જવાબ મળે છે. તે સાચા પણ છે. બંને મહત્ત્વના છે. પણ સાચો જવાબ એ છે કે એ બંને કરતાં આખરે તો 'કાળ' મહાન છે. અને કાળનું એક જ કામ છે કે સતત પરિવર્તન કરવું. ભાગ્ય પુરુષાર્થમાં કે પુરુષાર્થ ભાગ્યમાં સતત પરિવર્તિત થતા રહે છે. કાળના આ પરિવર્તન આગળ ક્યારેય પણ કોઈ પણ ટકી શકતો નથી. ભલભલાના નશા ઊતરી જાય છે, ઇતિહાસ તેનો સાક્ષી છે.

રામાયણનો રાવણ કેટલો સમર્થ હતો ! સમગ્ર પૃથ્વીને ધ્રુજાવતો હતો. પણ એક પળે રામના એક બાણથી મૃત્યુને વશ થઈ ગયો. કર્ણ, ભીષ્મ, દુર્યોધન, દ્રોણ - બધા મહાયોદ્ધા હતા, છતાં રણમાં રગદોળાયા. કૃષ્ણ તો ભગવાન હતા, પણ સાદા શિકારીના બાણને વશ થઈ ગયા.

આ તો કદાચ પુરાણ કે સાહિત્ય માની શકાય, પણ ઇતિહાસમાં નજર કરીએ તો ?

સિંધુ સંસ્કૃતિ કેટલી મહાન અને ભવ્ય હતી ! આજે તેના અવશેષો જોઈએ તો ચકિત થઈ જવાય. મિસરનાં પિરામીડ જોઈએ તો તે મહાન સંસ્કૃતિ પ્રત્યે પણ આદર થાય. રોમની ભવ્ય સંસ્કૃતિ જોઈએ તો પણ માન થાય. કેવા લોકો હશે, કેવી સત્તા હશે, કેવી શક્તિ હશે પણ આજે એ બધા ક્યાં છે ? તેમની સંસ્કૃતિ પણ ક્યાં છે ? કાળની ગર્તામાં બધા ક્યાં અદૃશ્ય થઈ ગયા ?! પછી પણ ઇતિહાસમાં કેવા કેવા રાજાઓ થઈ ગયા. કેટલી તેમની હાક લાગતી હતી. પણ એક પળમાં તેઓ અદૃશ્ય થઈ ગયા. સિકંદર કે નેપોલિયન, ચન્દ્રગુપ્ત કે અકબર કે બ્રિટિશ સત્તા - આ બધાં કેટલાં પ્રભાવશાળી હતાં. સિકંદર અને નેપોલિયનથી તો વિશ્વ ધ્રૂજતું હતું. પણ સિકંદર ખાલી હાથે ગયો. નેપોલિયન એક નાના ટાપુમાં ગોંધાઈને મર્યો. જેનો સૂર્ય કદી ન આથમે એમ મનાતી બ્રિટિશ સત્તા એક પળમાં ભારત છોડી ગઈ - એક સાદા ફકીરના કારણે ! વિશ્વની મહાસત્તા મનાતા અમેરિકાનું ચાર પાગલ લોકોએ એક પળમાં બે ટાવર તોડી નાક કાપી નાખ્યું. વર્ષો સુધી સમાજવાદનો ગઢ મનાતું રશિયા અચાનક વિખરાઈ ગયું અને તેના ટુકડા થઈ ગયા.

કાળ બળવાન છે તે જો સજાગ થઈને જોવાય તો દરેક પળે તેનો સાક્ષાત્કાર થાય છે. ભલભલા શક્તિશાળી, મહાન, પ્રભાવશાળી લોકો આવે છે. થોડો વખત તેમના પ્રભાવથી, તેમના વ્યક્તિત્વથી, દેશ કે દુનિયા અંજાઈ જાય છે. તેમને આદર આપે છે. તેમની સત્તાથી થરથરે છે. તેમને વશ થઈ જાય છે. તેના સિવાય નહીં જ ચાલે એવા ભ્રમમાં હેરાન થાય છે. પણ, અચાનક, કોઈ નાના નિમિત્તથી તે શક્તિહીન થઈ જાય છે અને કાળના ગર્ભમાં અદૃશ્ય થઈ જાય છે. કાળ આગળ કોઈપણ ટક્યા નથી. કહેવાતી મહાનમાં મહાન વ્યક્તિને કાળ જ્યારે એક હળવી થપ્પડ પણ મારે છે કે પળમાં ગબડી પડે છે. એટલે જ કદાચ કહેવાયું છે કે, 'રાજા રાવણનું અભિમાન પણ ટક્યું નથી.'

આ મહાવાક્ય પળેપળ યાદ રાખવા જેવું છે. અનેક લોકો સત્તામાં હોય કે પૈસાદાર હોય કે ગુંડાગીરી કરતા હોય કે લોકોને હેરાન કરતા હોય, તેમણે તો આ વાક્ય ખાસ યાદ રાખવા જેવું છે. આ પળે કદાચ તેઓ એમ માની લે છે કે તેઓ અજેય છે, અમર છે, સર્વસત્તાધીશ છે, મહાબળવાન છે અને આ અફીણથી તેઓ બેભાન થઈ જાય છે. પણ તેમને ખબર નથી કે કઈ પળે કાળ થપાટ મારશે અને તેઓ ધૂળભેગા થઈ જશે. આ મહાવાક્ય જો સતત યાદ કરે તો નમ્ર રહી શકશે.

આ બ્રહ્માંડ વિરાટ છે. તેમાં મનુષ્ય ખૂબ નાનો છે. વિનોબા તે સમજાવવા એક દૃષ્ટાંત આપે છે. તે કહે છે કે કલ્પના કરો કે આ બ્રહ્માંડ અતિ વિરાટ છે. આપણી પૃથ્વી તેમાં એક ચણા જેવડી છે. ચણાનો સિત્તર ટકા હિસ્સો પાણી છે. એટલે ચણાને સિત્તેરે ભાગી નાખો. માત્ર ત્રીસ ટકા જમીન છે. તેમાં પાછા સાત ખંડ છે. (ભાગ્યા સાત) તેમાં એક એશિયા છે. એશિયામાં પાછા પચાસેક દેશો છે. (ભાગ્યા પચાસ) તેમાં એક ભારત છે. તેનાં બત્રીસ રાજ્યો છે. તેમાં એક ગુજરાત છે. તેમાં પાછા તેત્રીસ જિલ્લા છે, તેમાં એક આપણો જિલ્લો છે. તેમાં દસેક તાલુકા છે. તેમાં એક મારો છે. તેમાં પાછાં સિત્તેર એંસી ગામો છે. તેમાં મારું એક ગામ છે. તેના દસ-બાર વોર્ડ છે. તેમાં એક મારો છે તે વોર્ડમાં પાંચસો ઘરો છે. તેમાં મારું એક ઘર છે. મારા ઘરમાં ચાર પાંચ રૂમ છે. તેના એક રૂમમાં હું બેઠો છું. અને વટ પડાવું છું કે હું મહાન છું ! ચણાને સતત ભાગતા જાવ પછી જેટલો વધે તેમાં આપણે છીએ ! તો આપણું અને આપણા વટનું મહત્ત્વ કેટલું ? એક ભૂકંપ આવે કે વાવાઝોડું આવે કે અકસ્માત થાય તો પળમાં મસાણમાં ! ગમે તેટલા વટ છતાં !!

વ્યાસ કહે છે કે કેવળ કાળ બળવાન છે. વ્યક્તિએ ખૂબ કામ કરવાનું છે, દોડવાનું છે. પણ આ બાબતને ધ્યાનમાં

રાખીને, ગીતામાં કૃષ્ણ-અર્જુનને પાનો ચડાવતાં કહે છે કે જીતીશ તો સ્વર્ગ ભોગવીશ. પણ પછી કહે છે કે ‘તારે તો નિમિત્ત બનવાનું છે.’ પુષ્કળ પ્રોત્સાહન છતાં અર્જુન ડાહ્યો છે અને કહે છે કે ‘તમારા કહ્યા મુજબ જ કરીશ.’ (કરિષ્યે વચનમ્ તવ) રજનીશ પણ કહે છે ‘સબ હો રહા હૈ. આપ દેખતે રહો. બીચ મેં મત આઓ.’

એટલે ‘ખૂબ’ કરવા છતાં નમ્ર રહેવાનું છે અને કુદરતનો આભાર માનતા રહેવાનું છે કે તે આમ કરવા દે છે. સાથે કોઈથી પણ પ્રભાવિત થવાનું નથી. કદાચ આપણી સામે કોઈ પ્રચંડ સફળ થતી અને અદ્‌ભુત કામ કરતી વ્યક્તિ દેખાય, તો તેમના પ્રત્યે સન્માન ચોક્કસ રાખવાનું છે, પણ તેના તરફ ઢળી પડવાનું નથી. કાળ તેને નિમિત્ત બનાવે છે એમ જાણવાનું છે. સંભવ છે, કાલે બીજી પણ આવી જ વ્યક્તિ આવે. એટલે તેના તરફ તટસ્થ રહેવાનું છે.

સતત કાળને સ્મૃતિમાં રાખી જે વ્યક્તિ જીવે છે, તે સજાગ રહેશે. સફળતામાં તેનામાં અહંકાર નહીં પ્રવેશે, નિષ્ફળતામાં તેનામાં હતાશા નહીં પ્રવેશે. તે ચૂપચાપ, અનપેક્ષ કામ કર્યા કરશે. કદાચ કામ અટકી જશે તો સ્વસ્થ રહી શાંત થઈ જશે. તે કાળના પરિવર્તનને જોયા કરશે અને માણશે.

**(સાભાર : અખંડ આનંદ)**

## નંદ રાજવંશનો ગૌરવશાળી ઈતિહાસ

**(ક્રમશઃ)**

### નન્દરાજના નવનંદ તથા અનુગામી (વારસદારો)

નંદરાજના નવનંદે જે અનુક્રમે જુદી જુદી રાજધાનીઓમાં શાસન કર્યું.

**(૧) પન્ડુક, સહલ્ય અથવા સહલિન (બંગાળનો સેનવંશ) :** નંદરાજ મહાપદ્મનંદના સૌથી મોટાપુત્ર પન્ડુક જેને પુરાણોમાં સહલ્ય અથવા સહલિન કહેવામાં આવ્યા છે, નંદરાજના શાસનકાળમાં ઉત્તર બિહારમાં આવેલ વૈશાલીના કુમાર હતા તથા તેના મૃત્યુ પછી પણ તેના વારસદારો મગધ સામ્રાજ્યના પ્રશાસકના રૂપમાં રહીને રાજ્ય કરતા રહ્યા, એમ લાગે છે કે તેના વંશજો આગળ ચાલીને પૂર્વ દક્ષિણની તરફ બંગાળ ચાલ્યા ગયા હોય અને પોતાના પૂર્વજ ચક્રવર્તી સમ્રાટ મહાપદ્મનંદ (ઉગ્રસેન)ના નામ ઉપરથી સેન નામ ધારણ કરીને (અપનાવીને) શાસન કરવા લાગ્યા હોય તથા આ

**BIO -DATA**



| | |
|---|---|
| Name | : **Parekh Sandeep Sureshbhai** |
| Date of Birth | : 11-8-1987 Birth Time : 6:45 AM |
| Birth Place | : Sojitra |
| Height | : 5’ 8" Weight : 80 |
| Religion | : Hindu (Gujarati) |
| Education | : DEE, BE Electrical, PMP, RMP, OMS-LA |
| Phone No. | : +91 81550 23879 |
| Email Address | : sandeep11887@yahoo.co.in |
| Salary | : 21 LPA |
| Designation | : Manager - Project Planning |
| Business | : Working in Ayana Renewable Power Pvt. Ltd. (Bangalore) |
| Residence | : Parekh Sureshbhai P., Duplex No. A2/199, Darshanam Antica, Opp. Heavy Water Colony, Danteshwar-390 004, Vadodara. |

**Family Background**

| | |
|---|---|
| Father | : Parekh Sureshbhai Punamchand |
| Business | : Retirement |
| Mother | : Parekh Pannaben S. |
| Business | : Housewife |
| Phone No. | : +91 8866279712 |
| Elder Sister | : Parekh Jagruti Sureshbhai |
| Education | : DBM, B.Com., MBA |
| Marital Status | : Married |
| Business | : Housewife |
| Younger Sister | : Parekh Kalpana Sureshbhai |
| Education | : B.Com., DBM, MBA |
| Marital Status | : Unmarried |
| Business | : Working in HINDALCO as Deputy Officer - SCM |

કૂળમાંથી બંગાળ વિગેરેના રાજા વીરસેન થયા, જે મથુરા સુકેત, ક્યોન્થલ તથા મંડીના સેનવંશના પિતા બની ગયા (સેનવંશ શરૂ કરનાર) જેણે ૩૩૦ ઇ.સ. પૂર્વથી ૧૨૯૦ ઇસવીસન સુધી રાજ્ય કર્યું.

**(૨) સુકલ્પ અથવા પંડુગતિ (અયોધ્યાનો દેવવંશ) :** નંદરાજના બીજા પુત્રને મહાબોધિવંશમાં પન્ડુગતિ તથા પુરાણોમાં સુકલ્પ કહેવામાં આવ્યા છે. કથાસરિત્સાગરના અનુસાર અયોધ્યામાં નંદરાજની સૈન્ય છાવણી હતી જ્યાં સુકલ્પ એક કુશળ પ્રશાસક તથા સેના નાયકના રૂપમાં રહી તેની વ્યવસ્થા સંભાળતા હતા તથા કૌશલને અવધ રાજ્ય બનાવવામાં પોતાની મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હશે. અવધ રાજ્ય એટલે તે રાજ્ય જ્યાં કોઈપણ પ્રકારથી હિંસા અથવા બલિપૂજા ન થતી હોય જ્યારે તેના પહેલા અહીયા પૂજામાં પશુબલિ અનિવાર્ય હોવાનું વિવરણ (વિગત) પ્રાચીન ગ્રંથોમાં મળે છે જેને સંપૂર્ણ બંધ કરાવ્યું તેથી આ કારણથી તેને સુકલ્પ કહેવામાં આવ્યા છે એટલે સુંદર રહેવા યોગ્ય સ્થળ બનાવવાવાળા. તેના વારસદાર ૧૮૫ ઇ.સ. પૂર્વના પછી મૂળદેવ, વાયુદેવ, ધનદેવના રૂપમાં થયા જેના સિક્કા અલમોડા પાસેથી મળ્યા છે.

**(૩) ભૂતપાલ અથવા ભૂતન્દી (વિદિશાનો નંદી વંશ) :** ચક્રવર્તી સમ્રાટ મહાપદ્મનંદના ત્રીજા પુત્ર ભૂતપાલ અથવા ભૂતનંદી વિદિશાના કુમાર અથવા પ્રશાસક હતા. નંદરાજના શાસનકાળમાં તેમના પશ્ચિમ દક્ષિણના રાજ્યોનું શાસન વ્યવસ્થાપનને દેખાતા હતા. (સંભાળતા હતા) નંદ રાજના આ વંશજે પોતાના નામની સાથે નન્દ (નંદ) અતવા નન્દી લગાડવું વધારે ઉપયોગી સમજ્યું. વિદિશાના આ રાજા કાળાંતરે પદ્માવતી અને મથુરાના પણ શાસક (રાજા) રહ્યા તથા બૌદ્ધ ધર્મનો ખૂબજ પ્રચાર કર્યો. ઇતિહાસકારોએ ભૂતપાલ અથવા ભૂતનન્દીના શાસનકાળને ૧૫૦ વર્ષ પૂર્વથી માને છે પરંતુ મારો વિચાર છે કે ભૂતપાલનું વિદિશામાં શાસન ૩૪૦ ઇ.સ. પૂર્વ પહેલા સ્થાપિત થઈ ચૂક્યું હતું.

**(૪) રાષ્ટ્રપાલ (મહારાષ્ટ્રનો સાતવાહન કલિંગનો મેઘવાહન વંશ) :** મહાબોધીવંશના અનુસાર નંદરાજના ચૌથા પુત્ર રાષ્ટ્રપાલ હતા. રાષ્ટ્રપાલ કુશળ પ્રશાસક તથા પ્રતાપી હોવાથી આ રાજ્યનું નામ રાષ્ટ્રપાલના નામ ઉપરથી મહારાષ્ટ્ર કહેવાવા લાગ્યું. તેણે ગોદાવરી નદીના ઉત્તરકાંઠા ઉપર પૈઠન અથવા પ્રતિષ્ઠાન નામના નગરને પોતાની રાજધાની બનાવી હતી. રાષ્ટ્રપાલ દ્વારાજ મૈસુરના ક્ષેત્ર, અશ્મક રાજ્ય તથા મહારાષ્ટ્રના રાજ્યોની દેખભાળ પ્રસાસકના રૂપમાં કરવામાં આવતી હતી જેની કેન્દ્રીય વ્યવસ્થા નંદરાજ મહાપદ્મનંદના હાથોમાં રહેતી હતી. લાગે છે કે એના પુત્ર જ નંદરાજના મૃત્યુ પછી આંધ્રભૃત્ય (વાવાઝોડા સમાન) કહેવામાં આવેલ, કારણ કે આ કેન્દ્રીય શાસન વ્યવસ્થામાં એક માત્ર એક પ્રશાસક (સત્તાધીશ)ના રૂપમાં નિયુક્ત થતા હતા. એટલા માટે બ્રાહ્મણવાદી ગ્રંથો, પુરાણોમાં આને આંધૃભૃત્ય (વાવાઝોડા) સમાન કહેવામાં આવ્યા છે. રાષ્ટ્રપાલના પુત્ર જ સાતવાહન તથા મેઘવાહન હતા જે બાદમાં (પાછળથી) પૂર્વઘાટ ઓરીસ્સા ક્ષેત્ર પશ્ચિમઘાટ મહારાષ્ટ્ર ક્ષેત્રના અલગ-અલગ શાસક બની ગયા.

**(૫) ગોવિશાણક (ઉત્તરાખંડ, ગોવિશાણનો કુલિન્દવંશ) :** મહાબોધિવંશના અનુસાર મગધના પ્રતાપી ચક્રવર્તી સમ્રાટ નંદરાજ મહાપદ્મનંદના પાંચમાં પુત્ર ગોવિશાણક હતા. નંદરાજે ઉતરાપથમાં વિજય અર્જિત (હાંસલ) કર્યો હતો. રૈપ્સન મહોદયનો વિચાર છે કે નંદવંશના સંસ્થાપકનો સંબંધ ગોવિશાણના કુનિન્દ રાજવંશથી હતો જે નન્દ (નંદ) પણ કહેવડાવતા હતા. નંદરાજના ગોવિશાણ વિજયના સમયે નંદરાજના પુત્ર ગોવિશાણકનો જન્મ થયો હોય અથવા ગોવિશાણકને ત્યાંના પ્રશાસક બનાવવામાં આવ્યા હોય તે રાજધાનીનું નામ ગોવિશાણ રાખવામાં આવ્યું હોય. એ સંભવ લાગે છે કે નંદરાજ દ્વારા ગોવિશાણકને પ્રશાસક બનાવતા સમયે એક નવુ નગર વસાવવામાં આવ્યું હોય તથા ત્યાં તેના માટે કિલ્લો બનાવવામાં આવ્યો હોય જેનું નામકરણ ગોવિશાણ નગર રાખવામાં આવ્યું હોય. તેના વારસદારો અનુક્રમે વિશ્વદેવ, ધનમૂર્તિ, બૃહતપાલ, બલમૂર્તિ, અમોઘમૂર્તિ, વિશ્વ શિવદત્ત, હરિદત્ત, શિવપાલ, ક્ષતેશ્વર, ભાનુરાવણ થયા જેણે લગભગ ૨૩૨ ઇ.સ. પૂર્વથી ૨૯૦ ઇ.સ. સુધી રાજ્ય કર્યું.

**(૬) દસ સિદ્ધક :** મગધ સામ્રાજ્યના ચક્રવર્તી સમ્રાટ મહાપદ્મનંદ (ઉગ્રસેન)ના છઠા પુત્ર દસ સિદ્ધક હતા. નંદરાજની એક રાજધાની મધ્યક્ષેત્ર માટે વાકાટકમાં હતી જ્યાં નંદરાજના છઠા પુત્ર દસ સિદ્ધકે પોતની રાજધાની બનાવી પરંતુ તેના પિતામહ (દાદા) નન્દિવર્ધનના નામ ઉપર નંદરાજ દ્વારા વસાવવામાં આવેલ સુંદરનગર નન્દિવર્ધન નગરને પણ તેમણે પોતાની રાજધાનીના

રૂપમાં (રજુ) પ્રયુક્ત (ઉપયોગ) કર્યો જે આજે નાગપુરના નામથી ઓળખવામાં આવે છે. દસ સિદ્ધકે જ સર્વપ્રથમ વિંધ્ય ક્ષેત્રમાં પોતાની શક્તિને સંવર્ધન કરી (એકઠી કરી - વધારી) એટલા માટે તેને વિન્ધ્યક્ષેત્ર શક્તિ પણ કહેવામાં આવ્યા જેણે ૨૫૦ ઇ.સ. પૂર્વથી ૫૧૦ ઇ.સ. સુધી રાજ્ય કર્યું.

**(૭) કૈવર્ત :** નંદરાજ મહાપદ્મનંદના સાતમાં પુત્ર કૈવર્ત હતા. જેનું વર્ણન મહાબોધિવંશમાં કરવામાં આવ્યું છે. તેઓ એક મહાન સેના નાયક તથા કુશળ પ્રશાસક હતા. નંદરાજના અન્ય પુત્રોની જેમ કૈવર્ત કોઈ રાજધાનીના પ્રશાસક ન બનીને પરંતુ તેમના પિતાના કેન્દ્રીય પ્રશાસનના મુખ્ય સંચાલક હતા તથા સમ્રાટ મહાપદ્મનંદ (ઉગ્રસેન) જ્યાં પણ જતા હતા (તો તેના) મુખ્ય અંગરક્ષકના રૂપમાં તેની સાથે રહેતા હતા. પ્રથમ પત્નીથી જન્મેલ બન્ને નાના પુત્ર કૈવર્ત તથા ધનાનંદ તથા બીજી પત્ની મુરાથી જન્મેલ ચંદ્રનંદ અથવા ચંદ્રગુપ્ત આ ત્રણેય પુત્રો નંદરાજની પાસે પાટલિપુત્રની રાજધાનીમાં રહીને તેના કામોમાં મદદ કરતા હતા જેમાં ચંદ્રગુપ્ત સૌથી નાના તથા નાની ઉંમરના હતા. કૈવર્તનું મૃત્યુ નંદરાજની સાથે જ ઝેરયુક્ત ભોજન કરવાથી થઈ ગયુ જેમાં તેનો કોઈ રાજવંશ આગળ ન ચાલ્યો.

**(૮) સમ્રાટ ધનાનંદ :** ધનાનંદ સમ્રાટ મહાપદ્મનંદની પ્રથમ પત્ની મહાનન્દિનીથી જન્મેલ છેલ્લા પુત્ર હતા. તે જ્યારે યુવરાજ હતા ત્યારે તેણે ઘણા શક્તિશાળી રાજ્યોને મગધના આધિન કરી લીધા હતા. નંદરાજના મૃત્યુ પછી ૩૨૬ ઇ.સ. પૂર્વમાં મગધના સમ્રાટ બન્યા. નંદરાજ તથા ભાઈ કૈવર્તના મૃત્યુ પછી આ બહાદુર યોદ્ધા ચિંતાતુર રહેવા લાગ્યા તો પણ તેમની બહાદુરીની ચર્ચાથી કોઈ પણ તેના સામ્રાજ્યની તરફ આક્રમણ કરવાની હિંમત કરી શક્યા નહિ. ધનાનંદ પણ પિતા મહાપદ્મનંદની જેમ વૈદિક કર્મકાંડ તથા હિંસાવાળા યજ્ઞના સખ્ય વિરોધી હતા. સિકંદરના સેનાપતિ સૈલ્યુકસની સૈનિક મદદથી તેના સાવકાભાઈ (બીજી માત્રાના પુત્ર) ચંદ્રગુપ્તે ૩૨૨ ઇ.સ. પૂર્વમાં મગધની સત્તા મેળવવા માટે હુમલો કર્યો, જેમાં યુદ્ધ દરમ્યાન ધનાનંદનું મૃત્યુ થયું તથા મગધની સત્તા ચંદ્રગુપ્તને મળી ગઈ.

(ક્રમશઃ)

**પ્રેષક : રમેશભાઈ બી. ચાવડા, ધ્રાંગધ્રા**
**મો. ૯૪૨૭૩ ૭૩૫૮૧**

## કેવા લાગશો ?

આંખો સારી હશે તો દુનિયા સારી લાગશે,
જીભ સારી હશે તો દુનિયાને તમે સારા લાગશો.
પોતાનું દુઃખ ભૂલીને બીજાને સુખી કરશો,
તો બાવળ હશો તોય તુલસીના ક્યારા લાગશો.
ભલે તકલીફ પડે તોય સત્યનો પક્ષ લેશો,
તો તમારા દુશ્મનોને પણ બહુ પ્યારા લાગશો.
જીંદગીમાં જે રોલ મળે એ ખૂબીથી ભજવશો,
તો તમારી ફિલ્મના ચમકતા સિતારા લાગશો.
બંધ મનના લોકોની વચ્ચે ખુલ્લું મન રાખશો,
તો નીચે મકાનો વચ્ચે ઊંચા મિનારા લાગશો.
અન્યાયની સામે અવાજ તમે બુલંદ કરશો,
તો મુછ નહી હોય તોય મરદ મુછાળા લાગશો.

**પ્રેષક : બકુલચંદ્ર પી. લિમ્બાચીયા,**
**લણવાવાળા, હાલ - હંસલો, યુ.કે.**

## પ્રકૃતિ અને માનવ જીવન

પ્રકૃતિની રચના પછી જીવ ઉત્પન્ન થયો હશે, માટે પ્રકૃતિ અને તેના સિદ્ધાંતોને માનવીએ અનુસરવું જોઈએ. એજ સાચો જીવનમંત્ર છે. પૃથ્વી, સમુદ્ર, નદી, પર્વત, સૂર્ય, ચંદ્ર અને વૃક્ષો એ પ્રકૃતિના પ્રાથમિક અને શાશ્વત અંગો છે. માનવીએ તેમાંથી બોધ લઈ અનુસરવું જોઈએ.

પૃથ્વીને આપણે માતા માનીએ છીએ. માતા જેમ બાળકોની સર્વ પ્રવૃત્તિઓ અને લક્ષણોને સહન કરે છે તે રીતે પૃથ્વી સર્વજીવની પ્રવૃત્તિ અને લક્ષણોને સહન કરે છે. આપણી તરફ દયા ભાવ રાખે છે. પૃથ્વી પાસેથી આપણે સહનશીલતાનો બોધ મેળવીએ તે ગુણ જીવનમાં ઊતારવો જોઈએ. સમુદ્ર આપણને દરિયાઈ દિલ રાખવાનું સૂચવે છે. નદીનો પ્રવાહ સતત વહેતો રહે છે. જીવમાત્ર માટે જલનું દાન કરે છે તે રીતે આપણે પ્રવૃત્તિશીલ રહી, દાન પ્રવાહ વહાવવો જોઈએ. સ્થિર પહાડોની સ્થિરતા

'વાળંદ વિકાસ'માં પ્રસિદ્ધ થનાર લખાણની જવાબદારી તેના પ્રેષકની રહેશે. ગુજ. વા. સ. સંઘ, તંત્રી કે સંપાદક મંડળ હંમેશા તેની સાથે સહમત છે તેવું માનવું નહિ. – તંત્રી, વા.વિ.

અને રક્ષણાત્મક ભાવના માનવમાત્રને બોધ આપે છે કે ચંચળ મનને સ્થિર રાખી પરિવાર અને દેશના રક્ષણ માટે હંમેશાં તૈયાર રહેવું.

સૂર્ય પોતે તપીને સર્વને તાપ અને પ્રકાશ અર્પણ કરે છે તે તેની ઉદારતા છે. તે આપણને સહનશિલતા અને ઉદારતાના ગુણ પ્રદાન કરે છે, જેનું આપણે પાલન કરવું જોઈએ. ચંદ્ર આપણને રાત્રીના અંધકારમાં શિતળ પ્રકાશ આપે છે. તે આપણને શાન્તિનો બોધ આપે છે.

વૃક્ષ વનરાઈનો પરોપકારી સ્વભાવ છે જે આપણી પરોપકાર વૃત્તિને પ્રેરીત કરે છે. પ્રાણી અને અન્ય જીવો પ્રકૃતિને અનુસરી આપણને પણ પ્રકૃતિમય જીવન જીવવાનો બોધ આપે છે, તે સતત ગતિમય જીવનનું ઉદાહરણ છે.

પ્રકૃતિને સમજીને ચાલનાર જીવ દુઃખી થતો નથી.

**- આનંદ શર્મા, ખેડા**

## અવસાન નોંધ

* **નવાગામ,** બારેજા, જિ. અમદાવાદ : **નરેશકુમાર પ્રભુદાસ પારેખ**નું તા. ૧૬-૮-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **રણાસણ,** તા. વિજાપુર : **મહેશભાઈ બબલદાસ શર્મા**નું તા. ૧-૮-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **પુંધરા,** તા. વિજાપુર : **રમેશભાઈ મણિલાલ નાયી**નું તા. ૧૧-૮-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **રીદ્રોલ,** તા. વિજાપુર : **મોતીલાલ બબલદાસ નાયી**નું તા. ૧૧-૮-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **દેવડા,** તા. વિજાપુર : **કાન્તિભાઈ સોમાભાઈ નાયી**નું તા. ૧૩-૮-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **બામરોલી,** હાલ હાથીજણ, અમદાવાદ : **અજયભાઈ કાન્તિભાઈ શર્મા**નું તા. ૧૫-૮-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ફીંચડી,** હાલ બહુચરાજી : **રવિરામ દેવચંદભાઈ લિમ્બાચીયા**નું તા. ૯-૮-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **દસલાણા,** હાલ સાણંદ : **પુરીબેન અંબાલાલ વાળંદ**નું તા. ૧૧-૮-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **વિરોચનનગર,** હાલ અમદાવાદ : **કમુબેન મફતલાલ વાળંદ**નું તા. ૨૦-૮-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ચાંદખેડા,** અમદાવાદ : **પ્રાણલાલ નાથાલાલ ભોજવીયા/ પારેખ**નું તા. ૨૫-૮-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **નાના ઉભડા,** હાલ અમદાવાદ : **બલ્લુભાઈ સેંધાભાઈ વાળંદ**નું તા. ૨૩-૮-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **જીવાપુરા,** હાલ ઇન્દોર : **રામભાઈ મેલાભાઈ વાળંદ**નું તા. ૧૨-૮-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **સચાણા,** હાલ અમદાવાદ : **સવિતાબેન બાબુભાઈ વાળંદ**નું તા. ૨૯-૭-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **રૂવેલ : જેસુંગભાઈ ઈશ્વરભાઈ નાયી**નું તાજેતરમાં અવસાન થયેલ છે.
* **ભાભર : ખેમાભાઈ કાનજીભાઈ નાયી**નું તાજેતરમાં અવસાન થયેલ છે.
* **સુરાણા : મફાભાઈ રામસુંગભાઈ નાયી**નું તાજેતરમાં અવસાન થયેલ છે.
* **ધોરાજી : રંજનબેન મોહનભાઈ ગોંડલિયા**નું તા. ૨૯-૭-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **પીંઢારપુર,** હાલ વડોદરા : **ડાહ્યાભાઈ માધવલાલ લિમ્બાચીયા**નું તા. ૧૦-૮-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ઉપેરા,** હાલ સુરત : **ચંદુભાઈ હેમચંદદાસ નાયી**નું તા. ૧૪-૮-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **પાટણ : ચંપકલાલ ખોડીદાસ લિમ્બાચીયા**નું તા. ૧૩-૮-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **માંડોત્રી** હાલ સુરત : **કાંતાબેન અંબાલાલ નાયી**નું તા. ૧૫-૮-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **વડાવલી : મણિલાલ કેશવલાલ નાયી**નું તા. ૧૬-૮-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **બાલવા,** હાલ અમદાવાદ : **મનોજકુમાર પ્રવિણભાઈ શર્મા**નું તા. ૨૨-૮-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ધ્રાંગધ્રા : મહેશભાઈ રામજીભાઈ લખતરિયા**નું તા. ૧૨-૮-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **મોઢેરા : તારાબેન ગાંડાલાલ વાળંદ**નું તા. ૨૧-૮-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **વડાવલી : રૂક્ષમણીબેન મણિલાલ નાયી**નું તા. ૨૬-૮-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **રાજકોટ : બચુભાઈ ગોવિંદભાઈ ચૌહાણ**નું તા. ૧૯-૮-૨૪ના રોજ અવસાન થયેલ છે.

**ઉપરોક્ત દિવંગત આત્માઓને પરમકૃપાળુ પરમાત્મા ચિરઃશાન્તિ અર્પે તેવી ગુજરાત વાળંદ સેવા સંઘની પ્રાર્થના.**

# અમેરિકાના શિકાગો ખાતે નવચંડી યજ્ઞ યોજાયો



ભારતીય સનાતન ધર્મની સંસ્કૃતિમાં શિવ અને શક્તિ પૂજાનું આગવું મહાત્મ્ય છે એટલે આપણા સમાજના ભારતીયોએ વિદેશમાં જઈને પણ તારીખ ૨૮ જુલાઈ ૨૦૨૪ને રવિવારના રોજ શક્તિ પૂજામાં પૂર્ણ શ્રદ્ધા રાખી ઉપાસના અને આરાધના કરનાર **અમેરિકાના શિકાગો ખાતે શ્રી નાની છાસઠ સમાજના પડુસમા ગામના વતની સ્વ. શર્મિષ્ઠાબેન ગોવિંદભાઈ ઘેલાભાઈ લીંબાચીયા** પરિવારના **શ્રીમાન સ્વ. અરવિંદપ્રસાદ જી. લીમ્બાચીયા** (પૂર્વ પ્રમુખ શ્રી નાની છાસઠ નાયી સમાજ) તથા સમાજના સક્રિય અને ઉત્સાહી એવા યુવા કાર્યકર **શ્રીમાન દશરથભાઈ જી. લીમ્બાચીયા** (પત્રકાર) તથા સમગ્ર પરિવાર તરફથી કુળદેવી શ્રી લીમ્બચ માતાજી તથા તેમના ઈષ્ટ દેવી શ્રી સિદ્ધેશ્વરી માતાજીનો નવચંડી યજ્ઞ ભારે ધામધૂમ અને શ્રદ્ધાપૂર્વક ભક્તિમય અને ધર્મમય વાતાવરણમાં આપણી ભારતીય સંસ્કૃતિના હિન્દુ સનાતન ધર્મમાં શક્તિ પૂજાના સાંસ્કૃતિક ધરોહરને જીવંત રાખવા અમેરિકાની ધરતી ઉપર આપણા સમાજમાં સૌ પ્રથમવાર આ મહાયજ્ઞનું આયોજન થયું હતું. યજ્ઞ કાર્યની શરૂઆતમાં ભારતીય સંસ્કૃતિ પ્રમાણે પરિવારમાં વડીલોનું પૂજન કરવામાં આવ્યું હતું

ખાસ નોંધ લઈશું કે આ ધાર્મિક પ્રસંગમાં સ્થાનિક મેયર માનનીય **Rodney Craig** ખાસ ઉપસ્થિત રહી પ્રસંગને દીપાવ્યો હતો. આ પ્રસંગે શિકાગો ખાતેના સમાજના અંદાજિત ૩૫૦ કરતા પણ વધુ જ્ઞાતિબંધુઓ અને આમંત્રિત મહેમાનોએ એ દર્શન અને મહાપ્રસાદનો લાભ લીધો હતો તમામ મહેમાનો માટે ખૂબ સુંદર બેઠક વ્યવસ્થા અને ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ પ્રસંગે માતાજી અસીમ કૃપા ગણો કે ચમત્કાર સ્વરૂપે પરચો...., યજ્ઞ કાર્ય વખતે ભારે વરસાદ આવ્યો અને કોઈને પણ કોઈપણ પ્રકારની ક્ષતિ કે વિઘ્ન ઉપસ્થિત થયા વગર વરસાદના પાણીનો એક નાનો રેલો યજ્ઞ કુંડ સુધી આવીને સમાઈ ગયો. આ જોઈ ઉપસ્થિત સૌ સગા સ્નેહીજનો અને જ્ઞાતિબંધુઓ શ્રદ્ધાથી ભક્તિમય બની સૌએ ધાર્મિક ભાવનાને બિરદાવી વિખુટા પડ્યા.

પ્રેષક : મયુરભાઈ કાલિદાસ લીમ્બાચીયા (વસાઈ/ ગાંધીનગર)
ટ્રસ્ટી ગુજરાત વાળંદ સેવા સંઘ

Registered under R.N.I. No. 9377/1957. Permitted to post at Ahmedabad PSO on 2nd day of every Month under Postal Registration No. GAMC-810/2022-2024 Dt. 21-10-2021 Valid upto 31-12-2024 issued by SSPO's Ahmedabad City Division



## જ્ઞાતિ ગૌરવ

## ડૉ. શિવાંગ વસંતભાઈ શર્મા
### (M.D.,D.M.)

ડૉ. શિવાંગ વસંતભાઈ શર્મા (M.D.,D.M.)એ ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS) જોધપુર ખાતેથી ઇન્ફેકસિયસ ડીસીસ (ID) વિષયમાં ડી.એમ.ની ઉચ્ચતમ ડીગ્રી જાન્યુઆરી ૨૦૨૪માં પ્રાપ્ત કરી છે.

આ વિષયમાં આ પ્રકારની ડિગ્રી મેળવનાર તેઓ ગુજરાત રાજ્યમાં પ્રથમ છે. તેમના વિષય સબંધિત વિવિધ સંશોધનો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મેડિકલ જર્નલ્સમાં પ્રસિદ્ધ થયેલ છે. વર્ષ ૨૦૨૩માં તેઓએ ડેનમાર્કના કોપનહેગન શહેરમાં યોજાયલ યુરોપિયન ઇન્ફેકસિયસ કોન્ફરન્સમાં ભાગ લઈ તેમનું સંશોધન રજૂ કરી AIIMS, જોધપુરનું પ્રતિનિધિત્વ કરેલ છે જે એક ગૌરવપ્રદ બાબત છે.

હાલમાં માર્ચ ૨૦૨૪થી તેઓ ગુજરાત રાજ્યની પ્રતિષ્ઠિત અને નામાંકિત એવી અમદાવાદ ખાતેની જાયડસ હોસ્પિટલમાં કન્સલ્ટિંગ ઇન્ફેકસિયસ ડીસીસ (ID) ફિઝિશિયન તરીકે જોડાયા છે.

તેઓ સ્વ. ડો. જે. બી. વાળંદ (પૂર્વ પ્રાચાર્ય, બી.એડ. કોલેજ, મોડાસા)ના પૌત્ર અને શ્રી વસંતભાઈ જે. વાળંદ (નિવૃત્ત નાયબ નિયામક, પ્રા.શિક્ષણ,ગુજરાત રાજ્ય)ના પુત્ર છે.

સમગ્ર ઉત્તર ગુજરાતના લીમ્બચીયા વાળંદ સમાજ માટે તેઓ એક ગૌરવ છે. તેમની કારકિર્દી ઉજવળ બને તેવી શુભેચ્છા મોડાસા લીમ્બચીયા વાળંદ સમાજ પાઠવે છે.

**ગુજરાત વાળંદ સેવા સંઘ ડો. શિવાંગભાઈને અપ્રિતમ સિદ્ધિ બદલ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવે છે.**

Printed & Published by BALUBHAI BABABHAI PAREKH on behalf of SHREE GUJARAT VALAND SEVA SANGH and Printed at NAVPRABHAT PRINTING PRESS, 9, Punaji Industrial Estate, Dhobighat Cross Road, Dudheswar, Ahmedabad-380004, and Published from VALAND VIKAS Karyalaya, Gulbai Tekra, Opp. Pankaj Vidhyalaya, Ahmedabad-380006. Editor - JAYANTIBHAI KARSHANBHAI LIMBACHIYA